॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

એપ્રીલ ૨૦૧૧
રૂા. ૫/૦૦



ભુજ લેવા પટેલ હોસ્પિટલને એમ.આર.આઈ. મશીન માટે ચેક અર્પણ કરતા પૂ. મહંત સ્વામી આદિ સંતો તથા ટ્રસ્ટીશ્રીઓ



માંડવીમાં ગૌશાળાનું ખાત મુહૂર્ત કરતા પ.પૂ. મહંત સ્વામી આદિ સંતો.




























(૧-૨) માંડવી ઘનશ્યામ મહારાજનો વાર્ષિક પાટોત્સવ અભિષેક તથા અન્નકૂટ દર્શન. (૩) ફુલડોલ ઉત્સવના પુષ્પહિંડોળે ઝૂલતા શ્રી નરનારાયણદેવની આરતી ઉતારતા પ.પૂ. મહંત સ્વામી. (૪) રાધાકૃષ્ણદેવ શતાબ્દિ મહોત્સવ પ્રસંગે બળતણના વિશાળ લાકડા વહેરવાના બેન્સાનું ઉદ્‌ઘાટન કરતા સંતો-ભુજ. (૫) શિવરાત્રી ઉત્સવમાં મહાદેવજીની આરતી ઉતારતા પૂ. મહંત સ્વામી આદિ સંતો-ભુજ. (૬) ઓલ્ડહામ (યુ.કે.) મંદિરમાં કથાના વક્તા શા.સ્વા. પરમહંસદાસજીનું પૂજન કરતા યજમાન શ્રી હિતેશભાઈ. (૭-૮) ઓલ્ડહામ (યુ.કે.) મંદિરમાં હરિભક્ત બહેનો ઠાકોરજીનું પૂજન કરે છે. સભામંડપમાં હરિભક્તો કથાશ્રવણ કરી રહ્યા છે. (૯) મુંબઈ વિલેપાર્લેમાં ફુલડોલોત્સવ

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

।। યાવજ્જીવં ચ શુશ્રૂષા કાર્યા ।। ।। માનવ સેવા પ્રભુ સેવા ।।

**ધર્મ, જ્ઞાન, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક**

## લેખકોને ખાસ વિનંતી

- ❖ આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- ❖ લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- ❖ લેખક એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- ❖ કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ❖ ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- ❖ કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- ❖ સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

### :: લવાજમ ::

| | |
|---|---|
| દેશમાં :- | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં :- | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

- ❖ અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.
- ❖ પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**:: website ::**
www.bhujmandir.org.
**:: E-mail ::**
info@bhujmandir.org

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૧૮, કુલ્લ અંક ૧૯૬

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૧, અંક - ૪ - એપ્રીલ-૨૦૧૧
સળંગ અંક - ૩૦૫

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

**-:: સંસ્થાપક ::-**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**-:: માલિક ::-**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**-:: પ્રકાશક અને મુદ્રક ::-**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ, ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**-:: તંત્રી ::-**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**-:: સહતંત્રી ::-**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકરવાનું સ્થળ**
શ્રી સ્વામિનારાયણ ધર્મ સંદેશ કાર્યાલય,
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧
ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧

## તંત્રીની કલમે...

"સત્યં વદ. ધર્મં ચર" આશ્રમમાં વિદ્યા મેળવી ગૃહસ્થ જીવનમાં પ્રવેશ કરતા શિષ્યને ગુરુ તરફથી ઉપદેશ થતો - "સત્ય બોલજે, ધર્મનું પાલન કરજે" આજે પણ હિન્દુસ્થાનની પ્રાચીન સંસ્કૃતિનો આ આદર્શ વિદ્યમાન છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના સત્સંગીઓને "સ્વધર્મરક્ષિકાઃ" પોતાના ધર્મની રક્ષા કરનારા એવા રૂડા આશીર્વાદ આપ્યા છે અને શ્રુતિ તથા સ્મૃતિએ પ્રતિપાદન કરેલો સદાચાર એ ધર્મ છે, એવી ધર્મવ્યાખ્યા આપી છે.

આમ ધર્મ એટલે જીવનની પ્રત્યેક ક્રિયાનું આચરણ. શાસ્ત્ર સંમત આચરણ ધર્મ છે. સદાચારોનું પ્રતિપાદન શાસ્ત્રોમાં કરેલું છે. સ્મૃતિ શાસ્ત્રો, ગૃહ્યસૂત્રો વગેરે શાસ્ત્રો વર્ણાશ્રમ ધર્મનો બોધ આપે છે. શ્રીજી મહારાજે વેદમાંથી માંડી સ્મૃતિશાસ્ત્રો, મહાભારત, રામાયણ આદિ શાસ્ત્રોનું દોહન કરી સમાજના તમામ વર્ગના સામાન્ય અને વિશેષધર્મ 'શિક્ષાપત્રી' ના નાનકડા ગ્રંથમાં સંકલિત કરી આપ્યા છે. તેમાં પણ ધર્મ સંબંધી કાર્ય તત્કાલ કરવું એવી આજ્ઞા કરી ધર્મનું માહાત્મ્ય પ્રતિષ્ઠિત કર્યું છે.

ધર્મમાંથી ચલિત ન થવાય તે માટે સાવધાન રહેવાની સૂચના પણ કરી છે.જેવી કે પરધર્મનું, પાખંડ ધર્મનું, કલ્પિ ધર્મનું આચરણ ન કરવું, નાસ્તિક અને શુષ્ક વેદાંતીનો સંગ ન કરવો. ધર્મભક્તિમાંથી પાડી દે એવા જનોના મુખેથી કથા વાર્તા ન સાંભળવી વગેરે. ધર્મભક્તિ સંબંધી નિયમોની ઊંડી અને સરળ સમજ ભગવાને સ્વમુખે વચનામૃતો દ્વારા સમજાવી છે.

ધર્મનું તત્ત્વ ગુપ્ત છે અને તે સોનાના પાત્રથી ઢંકાયેલું છે. એમ ઉપનિષદમાં કહેલું છે. અર્થાત્ ધર્મનું રહસ્ય માયાના આવરણ નીચે રહેલું છે. તેને આત્મસાત્ કરવા સદ્ગુરુના શરણમાં રહી સંતો અને શાસ્ત્રોનો સત્સંગ જાળવવો જોઈએ.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં સંતો શ્રીહરિની અંતર્ગત ભાવનાને અનુસરી સંતમંડળોની પ્રણાલિકા ચાલુ રાખી ગામોગામ તથા પરદેશમાં જઈ હરિભક્તોને કથાવાર્તા દ્વારા ધર્મપ્રવૃત્તિમાં સાવધાન રાખે છે.

વર્ણાશ્રમ ધર્મ આચારવિચારપરાયણ છે. પરંતુ મોક્ષ માટે ભાગવત ધર્મ મુખ્ય છે. ભાગવત ધર્મ ભગવાનના માહાત્મ્ય અને સ્વરૂપને મહત્ત્વ આપે છે. વર્ણાશ્રમ ધર્મ ઈહલોકના દૈનિક જીવનને નિયમમાં રાખે છે. વર્ણાશ્રમની ધર્મનિષ્ઠા સાથે ભાગવત ધર્મની સ્વરૂપનિષ્ઠા દઢપણે રહેવી જોઈએ. સ્વરૂપનિષ્ઠા વિના ધર્મનિષ્ઠા દઢ રહે નહિ અને ઢીલી પડી જાય. ધર્મનિષ્ઠા નબળી પડતાં સમાજમાં અનેક દૂષણો ઘર કરી જાય છે અને ભગવાનને સમાજશુધ્ધિ અને ધર્મસંસ્થાપન માટે અવતાર ધારણ કરવો પડે છે - "સંભવામિ યુગે યુગે"

૧૯ મી સદીના પૂર્વાર્ધમાં સમાજમાં દોરા, ધાગા, કાલાજાદૂ, વામમાર્ગ, શાક્તપંથ અને ફેલી મહંતોના દુરાચારો વધી જતાં ધર્મનિષ્ઠા શિથિલ થઈ ગઈ ત્યારે નરનારાયણદેવે સ્વામિનારાયણ નામે ખ્યાતિ પામેલ નરદેહે અવતાર ધારણ કરી સામાજિક સુધારણા સાથે ધાર્મિક જાગૃતિ લાવી સમાજને વૈદિક ભાગવત ધર્મ એવો સ્વામિનારાયણ સંપ્રદાય પ્રવર્તાવ્યો. ભગવાને શ્રીકૃષ્ણાવતારમાં ધર્મપરાયણ સત્પુરુષોનું રક્ષણ કરી દુરાચારી રાક્ષસીવૃત્તિ ધરાવતા અધર્મીઓનો નાશ કર્યો હતો. ભુજ મંદિરમાં રાધિકાજી સાથે બિરાજમાન રાધાકૃષ્ણદેવનો રોનકદાર શતાબ્દિ મહોત્સવ તા. ૧૮-૪-૧૧ થી ૨૪-૪-૧૧ સુધી ઉજવાશે. જે હરિભક્તોને ધર્મપ્રેરક બની રહેશે. ઈતિ. જય શ્રી સ્વામિનારાયણ.

# સમાગમે સંત

- ધરમશીભાઈ દેવશી ભગત (રવાપર હાલે ત્રિવેન્દ્રમ્)

## ખુશાલ ભટ્ટ થયા ગોપાળાનંદ

ટોડલા ગામના બ્રાહ્મણ ખુશાલ ભટ્ટ. વ્યવસાયે સ્કૂલના માસ્તર. બાળકોને ભણાવતા. તેમનું વ્યક્તિત્વ ખૂબ જ પ્રભાવશાળી. એકાંતિક ભક્ત હતા. એક રાતે સ્વપ્નમાં શંદલપતિના દર્શન થયાં. ભટ્ટજીએ જાણ્યું. આ પ્રભુનો જ પ્રતાપ છે. તે પરદુઃખ ભંજન સ્વભાવના હતા. મુખથી જે ભાખતા તે સાચું પડતું. એક વરસ વરસાદ ન થયો. લોકો ખૂબ દુઃખી થયા. પશુ-પક્ષીઓ ઘાસ વિના દુઃખી થયા. ગામ લોકોએ ભટ્ટજીને વિનંતી કરી તમે ધારો તો વરસાદ થાય ને સર્વે સુખી થાય. ભટ્ટજીની પ્રાર્થના સાંભળી શ્રીહરિએ ઉનાળામાં વરસાદ વરસાવેલો. આમ ભટ્ટજી ખૂબ લોકપ્રિય થઈ ગયેલા. એક સમયે સ્કૂલના બાળકોને સમાધિ થઈ ગઈ. ભટ્ટજીએ બાળકોને કહ્યું, હવે હું સ્કૂલમાંથી નિવૃત્તિ લઈશ. મારે સ્વામિનારાયણ પ્રભુને મળવા જવું છે. બાળકો કહે અમે સમાધિમાં જોયું છે કે પ્રભુ તમને લેવા માટે આવે છે. ભટ્ટજી જ્યારે જેતલપુર જવા નીકળ્યા ત્યારે બ્રાહ્મણનું રૂપ લઈ પ્રભુ તેમની સાથે ચાલ્યા. જેતલપુર સુધી સાથ આપ્યો. હતો. ખુશાલ ભટ્ટ જેતલપુર જઈ રહ્યા. ભટ્ટજી એક વખત વડોદરા પધારેલા. ત્યાં સદાશિવ નામે બ્રાહ્મણે ભટ્ટને પોતાના ઘેર નિત્ય જમવા કહ્યું. ભટ્ટજી રોજ તેમને ઘેર જમવા જતા. સદાશિવની પત્ની રોજ પ્રેમથી જમાડતી ને શ્રીહરિ પણ સાથે જમતા એવો અનુભવ સદાશિવની પત્નીને થતો. ભટ્ટજીને વૈરાગ્ય ઉત્પન્ન થતાં શ્રીહરિએ દીક્ષા આપી નામ ધરાવ્યું ગોપાળાનંદજી. વડોદરામાં પણ દુષ્કાળ થતાં સ્વામીએ વરસાદ વરસાવેલો. સદાશિવની પુત્રી નામ ઉમૈયા સમાધિવાન હતી. સામાધિમાં પ્રભુ પાસેથી પ્રસાદરૂપે જામફળ, કેરીઓ તો ક્યારેક મોતિયા લાડુ હારતોરા વગેરે લાવતી ને ભક્તજનોમાં વહેંચી દેતી.

ગોપાળાનંદ સ્વામીને મહારાજે સત્સંગના મુખીઆ કરીને રાખેલા. સર્વ હરિભક્તોને તેમની આજ્ઞામાં રહેવા કહેલું.

''સાધુ વર્ણિ પાળા સુણી લેજો રે, ગોપાળ સ્વામીની આજ્ઞામાં રહેજો રે'' ભક્તચિંતામણી ૧૬૦-૪૮, એક જોષી હરિભક્તે રાજદરબારમાં ટીપણું જોઈ ગ્રહણનો સમય કહેલો જે ભૂલથી એક દિ પાછળનો કહેવાઈ ગયેલો. જ્યારે ખબર પડી કે ભૂલ થઈ ગઈ છે ત્યારે સ્વામી પાસે આવી વાત કરી. તે ભક્તની લાજ રાખવા ને વિરોધી જોષીની બોલતી બંધ કરવા સ્વામીએ આભામંડળ સૂર્ય ચંદ્ર ગ્રહો તેમજ નક્ષત્રોને એક દિવસ માટે થંભાવી દીધાં જેથી તે દિવસે જ ગ્રહણ થયું જે દિવસે જોષીએ ભૂલથી કહેલું. આવા સમર્થ સંત હતા ગોપાળાનંદજી. સત્સંગમાં એક ગેરસમજણ ફેલાયેલી છે કે ''ગોપાળાનંદ સ્વામી દર વર્ષે જુનાગઢ ગુણાતિતાનંદ સ્વામીનો સમાગમ કરવા જતા'' અહીં જતા એટલું જ સાચું છે. જ્યારે જુનાગઢના મહંતપદે શ્રીહરિએ ગુણાતીતાનંદ સ્વામીને નિમ્યા ત્યારે સ્વામીએ પોતાની મૂંઝવણ શ્રીહરિને કહી. મને મહંત કરશો તો હું એક જગ્યાએ જ રહી જઈશ તેથી ગોપાળાનંદ સ્વામીનો સમાગમ થઈ શકશે નહીં. શ્રીહરિએ કહ્યું, સ્વામી તેની તમે ચિંતા કરશો નહીં. અમે ગોપાળાનંદ સ્વામીને આજ્ઞા કરીશું કે તેઓ દર વર્ષે તમારી પાસે આવીને એક મહિનો સમાગમનો લાભ આપશે. હકીકતમાં તો ગોપાળાનંદ સ્વામીનો સમાગમ ગુણાતિતાનંદ સ્વામી ઈચ્છતા. શ્રીહરિએ આ વ્યવસ્થા કરી એટલે ગુણાતિતાનંદ સ્વામી જુનાગઢના મહંતપદે રહ્યા.

## લક્ષ્મણદાસમાંથી આનંદાનંદ

અયોધ્યાના રામગલોલા અખાડાના

મહંતના મુખ્ય શિષ્ય હતા લક્ષ્મણદાસ. ગુરુની આજ્ઞા લઈ ૫૦ (પચાસ) શિષ્યો સાથે હાથી-ઘોડા ને ઊંટ પર સવાર થઈ હથિયારો ધારી દ્વારકાની યાત્રા કરવા નીકળેલા. રસ્તે સાંભળ્યું કે સોરઠમાં લોજ ગામે રામાનંદ સ્વામી નામે સંત વસે છે. જે ઈશ્વરનો જ અવતાર છે. માટે દર્શન કરતા જઈએ. લોજ ગામે સ્વામીને મળ્યા. પાંચ દિવસ સમાગમ કર્યો ને જવાનું નામ ન લીધું. સાથે આવેલા અકળાયા. તેઓને જવાબ આપી દીધો કે તમારે જવું હોય તો જાવ, હું આવવાનો નથી. મારાં બધાં તિર્થો આ સ્વામીના ચરણમાં આવી ગયાં છે. એમ કહી પોતાના શરીર ઉપર જે વસ્ત્ર અલંકારો સોના-ચાંદીના હતા તે બધા ઉતારીને આપી દીધાં ને કહ્યું, ગુરુજીને આપજો ને અમારા છેલ્લા રામરામ કહેજો. થોડાક શિષ્યો તેમની સાથે રહ્યા ને મોટાભાગના દ્વારકાની યાત્રાએ ચાલી નીકળ્યા. કલ્યાણદાસે રામાનંદ સ્વામી પાસે દીક્ષા લીધી ને નામ રાખ્યું આનંદાનંદ સ્વામી.

### શિતળદાસમાંથી વ્યાપકાનંદ

ઝરણા પરણા ગામના નિવાસી વૈરાગી શિતળદાસે સાંભળ્યું કે સોરઠમાં હાલ રામાનંદ વિચરે છે જે ઈશ્વરનો અવતાર ગણાય છે. તેના દર્શન કરવા તેઓ ફણેણી ગામે આવ્યા. અહીં સ્વામી તો દેહ ત્યાગ કરી ગયેલા. અરે હું ભાગ્યનો ફુટેલો કે ફક્ત ૨૩ દિવસ મોડો પડ્યો. સ્વામીના દર્શન થયાં નહીં. સ્વામીએ જેને પોતાની ગાદીના વારસ નિમ્યા છે તેમના દર્શન કરતો જાઉં. ચૌદશના દિવસે મોટી સભા ભરાયેલી. શ્રીહરિની વાતો સાંભળી મનમાં થયું કે આ પણ સાધારણ વ્યક્તિત્વ નથી જ. શ્રીહરિએ કહ્યું તમોને હરિદર્શન થશે, રોકાઈ જાવ. અને સ્વામિનારાયણ નામનું ભજન કરો. સમાધિ થઈ ને તેમાં અક્ષરધામ જોયું. જ્યાં આ શ્રીહરિને બિરાજેલા જોયા. ૨૪ અવતારો શ્રીહરિમાં લીન થતા જોયા. સમાધિમાંથી જાગી નજરે જોયેલી તે વાત સભામાં કરી ઘણાને નવાઈ લાગી કે આ કહે છે તે સાચું હશે ? રામાનંદ સ્વામીને પણ આ શ્રીહરિની સેવામાં જોયા. આ શ્રીહરિ જ સર્વોપરિ પ્રગટ પરમાત્મા છે તેવો નિશ્ચય કરી દીક્ષા લીધી ને નામ ધારણ કર્યું વ્યાપકાનંદ સ્વામી. સત્સંગમાં આ સ્વામીના ઘણા પરચા પ્રસિધ્ધ છે. સ્વામિનારાયણ મહામંત્રનો મહિમા આ સંતોએ અપાર ગાયો છે. પહેલી મુલાકાતે જ રંગાઈ ગયા આનું નામ સમાગમ.

---

## ગુરુભક્ત એકલવ્ય

- રમણિક ગોર
(ભુજ)

બાળમિત્રો ! આપણે આપણા વડીલો પાસે થી સાંભળીએ છીએ કે એકલવ્યની ગુરુ ભક્તિ ખૂબ વખાણવા લાયક રહી છે. તો આપણે આ વાતને થોડી સરળ રીતે સમજીએ.

નિષાદરાજ હિરણ્યધનુ નામના રાજાનો પુત્ર હતો. તેને બાણાવળી બનવું હતું તે માટે ગુરુની જરૂર પડે તેને જાણવા મળ્યું કે હસ્તિનાપુરમાં રાજકુમારોને આચાર્ય ગુરુ દ્રોણચાર્ય ધનુર્વિધા શીખવે છે. તે સાંભળીને તરત જ મનમાં નિશ્ચય કરી લીધો કે મારે ગુરુ દ્રોણાચાર્ય પાસે વિધા શીખવા જાવું છે. તે ઘેરથી ચાલી નીકળ્યા હસ્તિનાપુર જઈને ગુરુ દ્રોણાચાર્યજીના આશ્રમમાં જઈને દુરથી દંડવત્ પ્રણામ કર્યા. પોતાના વેશ ઉપરથી વર્ણની ઓળખાણ થઈ જતાં ગુરુ દ્રોણાચાર્યે તેને પુછ્યું, ભાઈ ! તમે કોણ છો ? શા કારણે આવ્યા છો ?

ત્યારે એકલવ્ય કહે છે, હું નિષાદરાજ હિરણ્યધનુનો પુત્ર છું "મારે તમારા શ્રીચરણો માં રહીને ધનુર્વિદ્યા શીખવી છે" આમ સાંભળીને ગુરુ વિચારમાં પડી ગયા. તે વિચાર કરે છે કે, રાજકુમારોની સાથે એક ભીલ બાળકને વિદ્યા કેમ આપવી અને ભિષ્મપિતા ને વચનને કારણે મર્યાદાને અનુરૂપ નથી.

તેથી વિચારને અંતે ગુરુ એકલવ્યને કહે છે, બેટા, મને દુઃખ સાથે કહેવું પડે છે કે, હું બ્રાહ્મણના બાળકો સિવાય બીજા કોઈને વિદ્યા આપતો નથી.

એકલવ્યે દ્રોણાચાર્યને મનોમન ગુરુ માન્યા હોવાથી ગુરુના વચન સાંભળીને કોઈપણ જાતના રોષ કર્યા વગર દંડવત્ પ્રણામ કરીને કહે છે. ‘‘ગુરુદેવ! મેં તો તમને ગુરુ તરીકે નક્કી કરી નિશ્ચય કરી લીધો છે. પણ મારા થકી તમને કોઈપણ જાતનો સંકોચ થાય એવું મારે નથી કરવું પણ સદાય મારા ઉપર તમારી કૃપા અને આશિર્વાદ જોઈએ.’’

આમ કહીને એકલવ્ય ત્યાંથી ચાલી નીકળ્યો અને સીધો જંગલમાં ગયો. અને એકાંત સ્થળમાં જઈને એક વૃક્ષ નીચે જગ્યા સાફ કરીને ત્યાં એક આસન બનાવી તે આસન ઉપર મનથી જેને ગુરુ માન્યાછે. તેવા ગુરુ દ્રોણાચાર્યજીની માટીની મૂર્તિ બનાવીને સ્થાપિત કરી. અને તે ગુરુની નિશ્રામાં વિદ્યા ભણવા લાગ્યા. ભગવાનની દયા અને ગુરુ પ્રત્યે પૂજ્ય ભાવથી એકલવ્ય મોટો ધનુર્ધર બની ગયો.

એક વખત દ્રોણાચાર્ય પોતાના શિષ્યો સાથે જંગલમાં ફરવા નીકળ્યા તેમની સાથે એક કૂતરો પણ સાથે હતો. જંગલમાં કૂતરો આગળ નીકળી ગયો, તે એકલવ્યની કુટિર પાસે આવીને એકલવ્યનો વેશ જોઈને ભસવા લાગ્યો. ત્યારે એકલવ્ય પોતાની વિદ્યામાં લીન હતા. આ કૂતરો તેને વિદ્યામાં વિઘ્ન હતો. તેથી તેણે કૂતરાને કોઈ પણ જાતની ઈજા પહોંચાડ્યા વગર સાત બાણ છોડ્યા જે કૂતરાના મોઢામાં ભરાઈ ગયા અને કૂતરો ભસતો બંધ થઈ ગયો. ફરી પોતે અભ્યાસમાં લાગી ગયો. આ બાજુ કૂતરો જઈ પહોંચ્યો પોતાના માલિક પાસે કૂતરાના મોઢામાં આ રીતે બાણ જોઈને બધા વિચારમાં પડી ગયા કે આ કૂતરાને કોઈ પણ જાતની ઈજા પહોંચાડ્યા વિના આડા અવળા બાણથી કૂતરાનું મોઢું બંધ કરનાર બાણાવળી કોણ હશે, ત્યારે સાથે રહેલો અર્જુન આ જોઈને ચકિત થઈ ગયો અને ગુરુ દ્રોણાચાર્યને કહે છે, ‘‘ગુરુદેવ! તમે તો કહ્યું હતું કે આ પૃથ્વી ઉપર તારા જેવો કોઈ  બાણાવળી નહીં હોય, પણ આ જોઈને લાગે છે કે આવી બાણવિદ્યા તો મારામાં પણ નથી.’’

ત્યારે ગુરુ કહે છે, ચાલો આપણે જોઈએ કે આવો મોટો બાણાવળી કોણ છે. આમ ગુરુ સાથે બધા શિષ્યો જંગલમાં આગળ વધે છે, ત્યાં એકલવ્યના આશ્રમમાં આવે છે. એકલવ્ય ગુરુને આવતાં જોઈને દંડવત્ પ્રણામ કરીને પગે લાગ્યો. દ્રોણાચાર્ય કહે છે, ‘‘બેટા! તેં આ બાણ વિદ્યાનો ઉત્તમ અભ્યાસ કોના થકી પ્રાપ્ત કર્યો ?’’

ત્યારે નમ્રતાથી બે હાથ જોડીને એકલવ્ય કહે છે,‘‘ગુરુદેવ ! હું તો તમારો જ દાસ છું’’ અને મૂર્તિ તરફ સંકેત કરી હાથ જોડીને કહે છે. મેં આ વિદ્યા તમારા થકી જ પ્રાપ્ત કરી છે. આ બાળકની શ્રધા અને વિશ્વાસ જોઈને ગુરુ વિચારમાં પડી ગયા કે તે અર્જુનને બાણાવળી બનાવવામાં અંતરાય થશે આમ વિચારીને કહે છે, તેં વિદ્યા તો પ્રાપ્ત કરી પણ ગુરુદક્ષિણા નહીં આપે ? ત્યારે ખૂબ આનંદ સાથે એકલવ્ય કહે છે માગો ગુરુદેવ ! જે આજ્ઞા કરશો તે હું ગુરુદક્ષિણામાં આપીશ. ત્યારે દ્રોણાચાર્યે ગુરુદક્ષિણામાં એકલવ્યના જમણા હાથનો અંગુઠો માગે છે કારણ કે, અંગુઠાના ઉપયોગથી જ બાણ ચલાવી શકાય જો અંગુઠો ન હોય તો બાણ ચલાવી ન શકે અને અર્જુન શ્રેષ્ઠ બાણાવળી બને, એકલવ્યે તરત જ કોઈ પણ જાતની શંકા કર્યા વગર ગુરુને દક્ષિણામાં પોતાના જમણા હાથનો અંગુઠો આપે છે.

ગદ્‌ગદ્ કંઠે ગુરુ દ્રોણાચાર્ય કહે છે, ‘‘બેટા! આ સંસારમાં ધનુર્વિદ્યાના પારંગત થયા અને થશે, પણ હું તને આશીર્વાદ આપું છું કે, તારા જેવો કોઈ નહીં થાય અને તારા ત્યાગ નો યશ સદાય અમર રહેશે.’’

બાળમિત્રો! ધન્ય છે એકલવ્યની ગુરુભક્તિને. આમ આપણે પણ એકલવ્ય પાસેથી ગુરુમાં શ્રધ્ધા અને વિશ્વાસ રાખી ભગવાન શ્રીહરિમાં નિષ્ઠા રાખીને રાજી કરી લેવા.

VEI]J['TNS ;Z/ pbREF

લેખ નં. ૬૬

# નાકના રોગો

- મહેન્દ્ર બી. દવે (માંડવી)

શરદી (સળેખમ) (CHESTON COLD)

આજકાલ આપણા દેશમાં શરદીનો રોગ ઘણો જ વ્યાપક બન્યો છે. આ રોગ સળેખમ તરીકે પણ ઓળખાય છે. હિંદીમાં જેને જુકામ કહે છે. જે સંસ્કૃતમાં પ્રતિશ્યાય તરીકે ઓળખાય છે. કાચો આમ અને અજીર્ણથી શરદી થયા કરે છે. આમાંથી ખાંસી તથા કફ થાય છે. તાવ પણ આવે છે. શરીરના મોટાભાગના રોગ શરદીથી જ થતા હોય છે. જેથી વારંવારની શરદીથી ચોક્કસ ચેતવું.

<u>શરદી - સળેખમનું કારણ અને તેની અનર્થ પરંપરા :-</u>

વાત, પિત્ત અને કફ આખા શરીરમાં સર્વ જગ્યાએ છે. એટલે લોહીમાં પણ હોય જ. આજે આપણા આહાર-વિહાર બગડેલા છે. જેથી કફનું પ્રમાણ વધે છે. અને લોહીમાં સતત ફરવાથી લોહી ધોળું, ઘાટું અને ચીકણું બને છે. જે ફરતું-ફરતું નાકમાં આવે ત્યારે બહારના પવનથી લોહી નાકના ઝાળામાં થીજી જાય છે. જેથી સોજો આવે છે. આથી શ્વાસોશ્વાસની ક્રિયામાં રોકાણ થાય છે. નાકમાં બળતરા થાય છે. આથી બેદરકાર રહીને કુપથ્ય આહાર-વિહાર ચાલુ રખાય તો કફ અને સોજામાં વધારો થયા કરે છે. જેથી જેથી નાકમાં મસો થઈ ચાંદુ પડે છે. પરુ પણ નીકળે છે. આમથતાં કફ તાળવામાં જાય. તાળવું બગડતાં કફ નીચે ઉતરી કઠનળી, (શ્વાસનળી) ફેફસાને બગાડી કફ ફેલાઈ જતાં ઉધરસ થાય. જો ગળાનો ભાગ વધારે બગડે તો ઈન્ફલ્યુએન્ઝા (ફલ્યુ) અને ફેફસાં વધારે બગાડે તો ન્યુમોનિયા થાય છે. તેથી આગળ આંખ-કાન-નાક વગેરેમાં રોગ થાય. કાનની બહેરાશ, અંધાપો, નાકની સૂંઘવાની શક્તિ ઓછી થાય અને ક્ષય (ટી.બી.) જેવા રોગ પણ થાય. જેમ સળેખમ (શરદી) જુની થાય તેમ નાકમાંથી પીળું, લાલ, લીંટ નીકળે. અતિશય દુર્ગંધ આવે. હજુ આથી પણ આગળ જતાં બેદરકાર રહેવાથી સાયનસ તથા નસકોરી ફૂટવાના પણ રોગ થાય. આમ આહાર-વિહારમાં યોગ્ય કાળજી ન રાખવાથી કેટલું બધું થઈ શકે છે. આના માટે લોકબોલીમાં કહેવાય છે કે, ‘‘ગરમી જાય મુઠી જીરે પણ શરદી ન જાય મુઠી હીરે’’ જેનો અર્થ એમ થાય છે કે, ગરમીનું દરદ મુઠી જીરાથી (ઠંડકનો ઉપચાર) જઈ શકે. પણ શરદીમાં મુઠી હીરા (લાખો રૂપિયા) જેટલો અધધ..... ખર્ચ થાય !!! બોલો બેદરકારી પાલવે ? નજર અંદાઝ કરાય ? બિલકુલ નહીં.

હવે આપણે શરદી-સળખમ થવાના બીજા કેટલાક કારણો જોઈએ. ❖ વાતાવરણમાં અચાનક ફેરફાર અજીર્ણ ❖ કબજિયાત ❖ પેશાબના દરદ અથવા અટકાયત ❖ દિવસે ખાઈને તરત સુવાથી અથવા મોડી રાત સુધી ઉજાગરા ❖ ભેજવાળી હવામાં રહેવું અથવા બેસવું ❖ બહુ ગરમ યા બહુ ઠંડા પદાર્થનું સેવન ❖ તમાકુ, મરચાં, ધૂળ વગેરે પદાર્થોની રજકણ શ્વાસમાં જવાથી ❖ હવા-પાણીના બદલવાથી ❖ ક્રોધ તેમજ અહિત ભોજનથી ❖ બહુ ઊંચું ઓશીકું રાખી સુવાથી ❖ કુદરતી આવેગોને રોકવાથી ❖ સવારમાં ઝાકળમાં ફરવાથી ❖ પંખાની સતત હવા, ફ્રિજનું ઠંડુ પાણી.

સાનયસ જે અંગ્રેજીમાં સાઈનસાઈટીસ તરીકે ઓળખાય છે. આંખના ભમર (ભવાં) ઉપરનો ભાગ તેને ગુજરાતીમાં લલાટ કોટર એટલે કે કપાળ અને ભમર વચ્ચેની ગુફા (અંદરનો પોલો ભાગ) આમાં લાંબાગાળાની શરદીને કારણે પાક અને પરુ થઈ સોજો આવી ઘણો દુઃખાવો થાય છે. જેનાં લક્ષણો : (૧) જૂના વખતનું સળેખમ, ઘાટું, લીંટ (૨) નાક

બંધ થઈ જતાં શ્વાસ લેવામાં મુશ્કેલી (૩) ઉપરા ઉપરી છીંકો (૪) નાકમાંથી સતત પાણી વહેવું (૫) ભમરના પોલોણમાં કફ જામી જવો (૬) માથાનો દુઃખાવો સવારથી ઉપડે છે અને સાંજે હલકો પડે છે.

<u>નસકોરી ફૂટવાના કારણો :-</u> (૧) બહુ લાંબા વખતના સળેખમમાં નાકમાં ચાંદુ, કૃમિ, ટાઈફોઈડ તાવ (૨) વિટામીન **C** અને **K** ની ઓછપ, લીવરનો રોગ (૩) આ ઉપરાંત ખરી રીતે તો લોહીમાં ખટાશ વધી જવાથી, અતિશય તીખું, વધુ મીઠું તેમજ સખત તાપમાં ફરવાથી, વધુ પડતા દહીં, છાશ, તીખાં અથાણાં ચટણી તેમજ પ્રાણીઓના માંસ ખાવાથી પિત્તપ્રકોપ થઈ લોહીમાં ભળી જઈ નસકોરી ફૂટે છે. ઘણી દવા કરવા છતાં પણ આ રોગ મટતો નથી.

(આવતા અંકે - ઉપચાર - દવા)

# Shree Radhakrishna Dev Is Installed in Bhuj

## (Shree Radhakrishna Devna Shatabdi Mahotsavna Uplakshma)

**- Swami Brahmamunidasji**

In V.S 1967, the saints of Bhuj decided that Shree Radhkrishna Dev and Ghanshyam Maharaj should be installed. They approached the King of Kutch, Khengarji, for his approval in the matter. However, the King replied, “At the moment there is a disease going round which is seeing to the death of many and therefore it would be ill advised for an installation ceremony to take place where there are many people from afar coming here which could lead to the spread of the disease. If you so choose to go ahead with the ceremony then I instruct that people from Mandvi should not be invited as an outbreak of the disease is already evident there.”

The saints were unhappy with this, as they did not wish to isolate devotees of Mandvi from enjoying the ceremony when all others would be present. Indeed the great Sankhyayogi Dhanbaifhai of Rampar was visiting Bhuj at the time and she too voiced her concerns with this and left Bhuj. Many other Sankhyayogis also left Bhuj. The Mahant at the time, Sadguru Mahapurushdasji was very concerned at the potential threat to the Yagna Installation ceremony not taking place in light of the Sankhyayogis leaving.

Soon after, Ghanshyam Maharaj once gave darshan to Dhanbaifhai. He asked her why she had left Bhuj. Dhanbaifhai explained that she was not happy with the fact that the installation ceremony would take place without devotees from Mandvi and so she left. She asked Maharaj to help to settle this matter amicably. Maharaj then instructed her, “Go to Bhuj and send word to Mahant Swami to arrange the ceremony and invite all devotees from everywhere and that for 10 days during the ceremony there will be no problems and the disease will not spread. Inform the King of this also. Furthermore, you should stand guard at a perimeter of approximately 7 miles to prevent death from entering the perimeter.”

Dhanbaifhai informed Mahant Swami of this and he then sought the help of Swami Harinarayandasji of Muli temple, who prompted a satsangi, Shree Dhanjibhai Katval, who was an advisor to the King to influence matters. Dhanjibhai gave the King assurance that for 10 days during the celebration, nothing would happen and the spread of disease would be prevented. However, the King was not convinced and said that he would give permission only if Dhanjibhai would be prepared to be personally held responsible and should the disease spread then he would face banishment from Kutch or imprisonment. Dhanjibhai was hesitant and so returned to Mahant Swami and Dhanbaifhai for advice. Dhanbaifhai reassured him that Maharaj had

given her darshan and that nothing would happen. At the instruction of Dhanbaifhai and Mahant Swami, he returned to the King and fully agreed to his conditions and the King finally gave permission.

Dhanbaifhai stood guard at the perimeter to prevent Death from entering. She told Death that he was not allowed to go in and retrieve anyone even if their time was genuinely up for normal reasons. Hearing this he bowed to Dhanbaifhai and went on his way. The celebrations began on Chaitra Sud 14. On Chaitra Vad 7, Dharmadhurandhar Acharya Shree Vasudevprasadji Maharaj installed Shree Radhakrishna Dev and Harikrishna Maharaj (young Ghanshyam Maharaj) in accordance with Vedic rites. Devotees from the whole of Kutch were present and the occasion was celebrated with great festivity. All the devotees returned to their own villages after the event was over.

Dhanbaifhai requested Acharya Maharajshree to spend that night in Madhapur and then to leave for Ahmedabad the following morning as Death would enter soon, now that the event was complete. The following day, Dhanbaifhai and others left for Rampar. On the way they stopped at Khatri Talav, where Death was waiting and so Dhanbaifhai gave him permission to enter now. In this way Dhanbaifhai returned to Rampur that day and Death entered Bhuj to claim the backlog of deaths. In that one day, nearly 70 deaths were recorded. Whilst zero deaths were recorded in the previous ten days! The King was taken astound on hearing this news!!!

# Y મુરલી મનોહરની મુરલી Y

- વિદ્યાર્થી સાધુ આનંદવલ્લભદાસજી (ભુજ)

ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે મંદિરોની સ્થાપના કરી અને મંદિરોમાં પોતાના જ સ્વરૂપો પધરાવ્યા. અમદાવાદમાં શ્રી નરનારાયણદેવ, ભુજનગરમાં શ્રી નરનારાયણદેવ, વડતાલમાં શ્રી લક્ષ્મીનારાયણદેવ, જૂનાગઢમાં શ્રી રાધારમણદેવ, ધોલેરામાં શ્રી મદનમોહનદેવ અને ગઢપુરમાં શ્રી ગોપીનાથજી મહારાજ. પહેલા ત્રણ મંદિરોના સ્વરૂપમાં ભગવાને પોતાના હસ્તકમળમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ જેવા આયુધો ધારણ કર્યા છે, પણ છેલ્લા ત્રણ મંદિરોમાં મનમોહક સ્વરૂપો પધરાવ્યા અને તેમના હસ્તકમળમાં મનમોહક મુરલી શોભે છે. તે મુરલી મનોહરની મુરલી વિશે આજે થોડુ જાણીએ.

ભગવાન શ્રીકૃષ્ણની પ્યારી મુરલી તેને વાંસળી, વેણુ, પાવો, બંસી આદિ નામોથી ઓળખવામાં આવે છે. તેવી જ રીતે આ મુરલીને ધારણ કરવાવાળા ભગવાન શ્રીકૃષ્ણને પણ મુરલીધર, મુરલી મનોહર, બંસીધર, વેણુગોપાલના નામથી ઓળખવામાં આવે છે. આ મુરલી શ્રીકૃષ્ણની સાથો સાથ હંમેશા એમના હોઠ ઉપર અથવા કટિબન્ધરૂપી મહાવસ્ત્રમાં મૂકી હોવાને કારણે તેને આપણે કાનાની લાડલી પણ માનીએ છીએ. એ મુરલી મનોહર જ્યારે મુરલી દ્વારા મધુર-મધુર સ્વર પૂરતા હોય ત્યારે છૂટી પડેલી બધી જ ગાયો અને એમના વાછરડા અવાજની સામે દોડવા લાગે છે. વૃક્ષો, છોડવા તેઓ પણ નાચી ઊઠે છે. જંગલના બધા જ પ્રાણી, પશુ, વેણુનાદથી મંત્રમુગ્ધ થઈ ઊભા રહી જાય છે. કાનાના બધા જ બાળ-ગોવાળ મિત્રો અને ગોપ-ગોપી મધુર મુરલીના નાદથી પોતાને પણ ભૂલી જાય છે. ગોપીઓ પણ પ્રેમથી ગીતો ગાવા લાગી જાય. એટલા માટે જ મુરલી બધાની મનમોહિની બની ગઈ છે. બધાનું મન મોહિત કરવાવાળી મુરલીના સંદર્ભમાં ગોપીઓ અંદરો-અંદર આશ્ચર્ય અને ઈર્ષાથી વાતો અને ચર્ચા કરતી હતી કે આ વેણુએ પૂર્વજન્મમાં એવું ક્યું જપ-તપ તથા પુણ્ય કર્યું હશે કે એ પુણ્યના પ્રતાપથી

શ્યામસુંદરના અધરામૃતનું નિયમિતરૂપથી એકલી જ પાન કરતી આવી રહી છે ? એટલું જ નહીં પણ આ વેણુગોપાલ પણ એક પળ માટે પણ એને ભૂલી નથી શકતા. આપણે ગોપ-ગોપીઓ જ નહીં પણ આખું બ્રહ્માંડ આ વાંસળીના મધુર-સ્વર સાંભળીને તલ્લીન થઈ જતા હોય છે. વિશ્વના બધા જ પશુ-પક્ષીઓ પોતાના કાનેથી આ વેણુનાદનું પાન કરીને તૃપ્ત થઈ જતા હોય છે. ધન્ય છે. આ મુરલી અને ધન્ય છે એવા મધુર-સ્વરનો પ્રવાહ વહેતો મુકવાવાળા શ્રીકૃષ્ણ કનૈયાને.

જેમ વેણુ શ્રીકૃષ્ણને પ્રિય છે તેવી જ રીતે રાધાજી પણ શ્રીકૃષ્ણના પ્રિય ભક્ત છે. આ મુરલીને જોઈને પ્રિય રાધાજીના સામે એક પ્રશ્ન ઊભો થાય છે, ભગવાન શ્રીકૃષ્ણ આ વેણુથી આટલો બધો પ્રેમ શા માટે કરતા હશે ? શું એક પળ માટે પણ તેને મુકી નથી શકતા ? કે પછી વાંસળીએ એવું ક્યું જાદુ કર્યું છે કે શ્રીકૃષ્ણને એણે વશમાં કરી લીધા છે ! આની પાછળનું રહસ્ય શું હશે ? આ વિગત જાણવા માટે રાધાજીએ શ્રીકૃષ્ણની અનુપસ્થિતિમાં એકાંતમાં મુરલીને પૂછ્યું, ‘હે મહદ્ ભાગ્યશાલિની વેણુ ! તેં પૂર્વજન્મમાં એવું ક્યું મહાન પુણ્ય કે તપશ્ચર્યા કરી છે કે ભગવાન શ્રીકૃષ્ણની આટલી લાડલી અને પ્રેમાળ બની ગઈ છો કે ભગવાન પણ એકપળ માટે તમને ભૂલી નથી શકતા, તમને તો તેઓ સતત પોતાના હોઠ ઉપર રાખીને મધુરસ્વર પુરતા હોય છે અને તમે પણ ભગવાનના અધરામૃતનું અહર્નિશ પાન કરો છો.’

આ સંદર્ભમાં વેણુએ જવાબ આપ્યો કે, ‘હે રાધે ! પૂર્વજન્મમાં મેં શું પુણ્ય કર્યું હતું તે તો હું નથી જાણતી, પરંતુ હું એક વાંસના જંગલમાં જન્મી અને હું નવ છેદથી બનેલી એવી એક નાજુક વાંસ છું. રાધે ! તું મારી અંદર બરાબર જો તો ખરી અંદર શું તને કાંઈક દેખાય છે ?’ રાધાજીએ અંદર સૂક્ષ્મતાથી જોયું અને બોલ્યા, અંદર તો કાંઈ જ નથી, એટલું જ નહીં બધું આરપાર ખાલી છે !’ ત્યારે મુરલીએ કહ્યું, ‘જ્યારે મારામાં કાંઈ જ નથી તો તું નિશ્ચિત સમજજે કે હું કાંઈ જ નથી. મારામાંથી જે પણ રાગ-રાગિણીનો મધુરસ્વર વહે છે એ તો બધો જ ભગવાના શ્રીમુખથી સ્ફુરિત થઈને નીકળે છે. એમની પ્રેરણા વગર હું તો શુષ્ક સૂકાયેલી, વાંસની જડ નળી શું કરી શકવાની હતી ? અને એટલા માટે મારામાંથી નીકળતા સુસ્વર સંગીતનો મને ખોટો અહંકાર કરવાનો શું અધિકાર છે ? હું તો પૂર્ણતઃ અહંશૂન્ય છું. એટલા માટે ભગવાનનો મારા ઉપર અમૃતસમાન અને અભેદ પ્રેમ છે’

આ અહંકારશૂન્ય અને દિવ્યભક્તિનું રહસ્ય સાંભળી રાધાજી અતિશય પ્રસન્ન થયા. એમની શંકાનું સમાધાન થયું અને એમને સાચી જ્ઞાન દ્રષ્ટિ પ્રાપ્ત થઈ.

ભગવાન શ્રીકૃષ્ણની મુરલી આજે પણ આપણા જેવા માનવને આ શિક્ષા આપે છે કે આ માનવનો દેહ હાડ-માંસથી બનેલો છે ને ઉપરથી તેને ખાલી ઢાંકેલું છે. એની અંદર સૂક્ષ્મરૂપે પરમાત્માનો દાસ આત્મારૂપથી હૃદય-સિંહાસન પર બેસી પોતાના નાક અને મોઢેથી નીકળવાવાળા શ્વાસોશ્વાસ રૂપી ગાય છે, બોલે છે, સાંભળે છે, જોઈ શકે છે, ચાલી શકે છે ઈત્યાદિ બધું જ કાર્ય કરી શકે છે. આનાથી આ સિધ્ધ થાય છે કે આ દેહરૂપી વાંસળીમાથી નીકળતા સ્વર, બોલ અથવા કોઈપણ કાર્ય ભગવાનની પ્રેરણાથી થાય છે. બધું જ હું કરું છું આવા ખોટા અહંકારને મુકી આપણું મનરૂપી અન્તઃસ્થ હૃદય ખાલી કરીને આપણું સર્વસ્વ ભગવાનના પાદારવિંદમાં અર્પિત કરી પ્રાર્થના કરીએ કે, ‘‘नाहं कर्ता , कर्ता हरिः कर्ता हि केवलम् !’’ અર્થાત્, ‘‘હે પ્રભુ હું કાંઈ જ નથી. બધું તમે જ છો.’’ મુરલીની સમાન આપણું મન અહંશૂન્ય કર્યા પછી જ મનુષ્ય ભગવાનની અસીમકૃપાનો અનુભવ કરી શકે છે.

આવી મનમોહક મુરલીને ધારણ કરનારા પરમાત્મા શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રીકૃષ્ણ અને રાધાજીની પ્રતિમાને શ્રી સ્વામિનારાયણ મંદિર-ભુજમાં પધરાવ્યા તેને ૧૦૦ વર્ષ થવા જઈ રહ્યા છે તો આવા શતાબ્દિ મહોત્સવના પાવન પ્રસંગે આવા ભગવાનના દર્શનનો સવાર-સાંજ નિયમ લઈ જન્મ સાર્થક કરીએ અને આપણી આવી શુભકામના મહારાજ પૂર્ણ કરે એવી શુભેચ્છા.

## જો તમે બીજાને ‘‘ક્ષમા’’ આપશો તો જ, સમય આવે ત્યારે તમને પણ ક્ષમા મળશે

- રમણ ગજ્જર (ભુજ)

જગતના બધાં જ માણસો કંઈ હોંશિયાર હોતા નથી, અને તેમની ક્યારેક ભૂલો થતી જ હોય છે. તેવા સમયે તેમના પર ગુસ્સો કરવાના બદલે પ્રેમથી, તેમની ભૂલને માફ કરવી જોઈએ. અને ફરીથી તેનું પુનરાવર્તન ન થાય તે બાબતે જરૂરી શિખામણ પણ આપવી જોઈએ અને થોડી ઘણી તેમની પ્રસંશા પણ કરવી જોઈએ જ. કારણકે ‘‘ખુશામત ખુદાકો ભી પ્યારી લગતી હૈ.’’ ક્ષમા આપવી તે કામ આમતો જબરું કઠણ છે પણ વારંવાર પ્રયત્નો કરવાથી તે બાબતે સારી ટેવ પડી શકે છે. પ્રયત્ન તો કરી જુઓ.

હવે ક્ષમા કેટલી વખત આપવી ? તે બાબતનો જવાબ શાસ્ત્રો અને સંતોએ આપ્યો છે કે, ‘‘કેટલીવાર ક્ષમા કરવી ? એકવાર ? બેવાર ? ના, સિત્તેર ગુણ્યા સાત વાર ! એટલે કે અનંતવાર !’’

ભાઈ ! ક્ષમા તો વીરોનું આભૂષણ છે. અત્ર, તત્ર અને સર્વત્ર જો અજંપો, અશાંતિ, નિષ્ફળતાથી બચવું હોય તો બીજાને માફ કરતાં શીખો. ‘‘ક્ષમા’’ તો અક્ષરધામમાં જવાનું પ્રવેશદ્વાર છે.

અરે જો આપણે ક્ષમા બીજાને આપી હશે તો જ, સમય આવશે ત્યારે આપણને ક્ષમા મળશે. અન્યથા નહીં. આ જગતમાં આપ્યા વિના કંઈ જ મળતું નથી. Give & Take. આપણે પણ કંઈ નવસો નવ્વાણું ટચ-સો ટચના સોના જેવા શુધ્ધ નથી. જે માણસ છે તે જ ભૂલ કરે છે. માત્ર દેવના હસ્તે ભૂલ ન થાય.

આપણો સત્સંગ જે આજે આટલો બધો ફૂલ્યો ફાલ્યો છે, તેના મૂળમાં પણ આ ‘ક્ષમા’ ની ભાવના જ રહેલી છે. કોઈપણ વ્યક્તિ માતાના ઉદરમાંથી બધું જ શીખીને આવતી નથી. કામ કામને શીખવે છે. સમજી ગયા ને ?

ઋગ્વેદમાં લખ્યું છે કે, ‘‘દુશ્મનને જે ક્ષમા કરે છે તે જીવનનું ઉત્તમમાં ઉત્તમ સુખ અનુભવે છે. જે ક્ષમા નથી કરતો તેના નસીબમાં એ સુખ નથી’’

કોઈની પણ ભૂલનો જાહેરમાં ધજાગરો ન કરવો, પણ તે ભૂલને માફ કરવી. તે સત્સંગીનું પરમ કર્તવ્ય છે. તેમ કરવાથી જ શ્રીજી મહારાજની બેઠી પ્રસન્નતા આપણને મળી શકે છે.

જેમ ભગવાન આપણને વારંવાર માફ કરે છે. તેમ આપણે પણ બીજાઓને માફ કરતાં શીખવું જોઈએ. ક્ષમા આપવી એ તો જિંદગી જીતવાની અનેક જડીબુટ્ટીઓમાંથી એક છે. તેનો છૂટે હાથે પ્રયોગ ફરી... ફરી... કરવો જોઈએ.

## સત્સંગરૂપી કાંઠો

- સંજય ડી. અનમ

સત્સંગીના પાંચે વર્તમાન (દારૂ, માંસ, ચોરી, અવેરી, વટાળ પ્રવૃત્તિ) દઢ કરીને રાખે તેને સંત-હરિભક્ત જાણવા, ન રાખે તેને વિમુખ જાણવા. કરેલાં પાપનું પ્રાયશ્ચિત કરે ત્યાં લગી તેની આશા રાખવી પણ વિમુખ ન કહેવો પણ તેનું જતન કરવું તથા ફોસલાવીને તેને સત્સંગના નિયમમાં રાખવા અને તેને મોક્ષરૂપી આહાર આપીને વિષયમાંથી પાછા વાળવાના પ્રયત્નો કરવા.

સમુદ્રની લહેરની જેમ જ કળિનું બળ અપાર છે. ત્યાં ગાફલ થઈને ઊભા રહેવાથી પૂરમાં તણાઈ જવાનો વખત આવે. મોટા-મોટા જહાજને પણ નાંગવ્યા વિના રાખીએ તો એ પણ તણાઈ જાય અને તેને ઠેકાણે લાવવા કઠણ પડે. ભવસાગર તરતાં-તરતાં સત્સંગ પ્રાપ્ત થયો તે કાંઠે આવ્યા સમાન છે. તેમાં સાવધાનપણે રહેવું, તીર્થ, જપ, તપ કરે તો પણ ભાવથી છુટાય નહીં. છુટવાનું એક જ દ્વાર છે સત્સંગ, તે વિના કોટિ ઉપાયે બ્રહ્મલોક સુધી જવાય તોપણ ભવનો રોગ મટે તેમ નથી. સર્વત્ર કાળનું જોર છે. આવો અભ્યાસ નિત્ય રાખવાથી જ સત્સંગ રહે છે.

આવો પ્રગટ પ્રભુને પગે લાગવા રે લોલ,
વાલો તુરત ઉતારે ભવપાર નરનારી

શતાનંદ સ્વામી વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- કામ વડે વિહ્વળ બનેલા કેટલાક પુરુષો એવો બકવાસ કરે છે કે, સ્ત્રી અને પુરુષને પરસ્પર જો પ્રેમ ઉત્પન્ન થાય અને પરસ્પર સંમતિથી જો કામક્રીડા કરવામાં આવે તો દોષ લાગતો નથી, પરંતુ બળાત્કારમાં જ દોષ છે.

શતાનંદ સ્વામી આનું ખંડન કરતાં કહે છે કે- આ વાત બિલકુલ અયોગ્ય છે. પાપ અને પુણ્યની વ્યાખ્યા એ જ છે કે, જે મહારાજની આજ્ઞાનું પાલન કરવું, એ પુણ્ય છે. અને મહારાજની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું એ જ પાપ છે. બીજી કોઈ પાપ પુણ્યની વ્યાખ્યા જ નથી. માટે પરસ્પર સંમતિથી જે કામક્રીડા કરવામાં આવે, એ પણ આજ્ઞાનું ઉલ્લંઘન જ છે. અને આજ્ઞાનું ઉલ્લંઘન એજ પાપ છે. શ્રીજીમહારાજની આજ્ઞા એવી છે કે, અગ્નિ અને બ્રાહ્મણની સાક્ષીએ ગૃહસ્થ પોતે જે સ્ત્રી પરણ્યો હોય, એ સિવાયની તમામ સ્ત્રીઓમાં મા, બહેન અને દીકરીની ભાવના રાખવી. અને એ ભાવના જો ન રહી શકે, તો આજ્ઞાનું ઉલ્લંઘન છે. અને આજ્ઞાનું ઉલ્લંઘન એજ પાપ છે. બીજી કોઈ પાપની વ્યાખ્યા નથી. માટે પરસ્પર પ્રેમથી કે સંમતિથી પણ અનિષ્ઠ કર્મ કરવું નહિ. આવું તાત્પર્ય છે.

મહામુની શતાનંદસ્વામી રચિત

**શ્રી શિક્ષાપત્રી**

## અર્થદીપિકા સારાંશ

અને વળી કેટલાક એવો બકવાસ કરે છે કે, જે વસ્તુ આપણે બજારમાંથી ખરીદેલી હોય, એ વસ્તુના માલિક આપણે કહેવાઈએ છીએ, તેમ બજારમાંથી પૈસા આપીને ખરીદેલી સ્ત્રી છે, એ પરસ્ત્રી કહેવાતી નથી. એતો પોતાની જ સ્ત્રી કહેવાય છે. માટે તેનો સંગ કરવામાં દોષ નથી.

ભાષ્યકાર શતાનંદ સ્વામી આ વાતનું ખંડન કરતાં કહે છે કે- જે સ્ત્રીઓ ધનથી પોતાના શરીરને વેંચતી હોય, એવી સ્ત્રીઓને તો શાસ્ત્રમાં વેશ્યા કહેલી છે. અને વેશ્યા સ્ત્રીનો સંગ કરવામાં અધિક દોષ શાસ્ત્રમાં બતાવ્યો છે. માટે સહજાનંદ સ્વામીનો અભિપ્રાય એવો છે કે- અગ્નિ અને બ્રાહ્મણની સાક્ષીએ પોતે જે સ્ત્રીને પરણ્યો હોય, એ સિવાયની તમામ સ્ત્રીઓને વિષે કામભાવથી થતી અનિષ્ઠ ક્રિયાનો ત્યાગ કરી દેવો.

અને વળી જુગાર આદિક વ્યસનોનો ત્યાગ કરી દેવો. જે પોતાને કલ્યાણના માર્ગ થકી પાડે, કલ્યાણનો માર્ગ ત્યાગ કરાવે તેને કહેવાય વ્યસન. માટે નિર્વ્યસની એવા પુરુષો જ મોક્ષના અધિકારી છે. વ્યસની કોઈ દિવસ સંયમી અને સાત્ત્વિક બની શકતો નથી. વ્યસનનો ત્યાગ કરે એજ ભક્ત બની શકે છે. વ્યસન માણસને લાચાર બનાવી દે છે. જે વસ્તુનું વ્યસન હોય, એ વસ્તુ જો એક દિવસ પ્રાપ્ત ન થાય તો વ્યસનીને માટે આકાશ પાતાળ એક થઈ જતાં હોય છે. આખો દિવસ એ બેચેની અનુભવતો હોય છે. આ મનુષ્ય દેહ ઈશ્વરે આપ્યો છે. એ અન્ન અને પાણી વિના ચાલે નહિ. પણ એ સિવાયનું જેટલું જેટલું શરીરમાં પેઠું એ બધાં વ્યસનો છે. વ્યસનો કેવળ ધનનો જ નાશ કરે છે એવું નથી, પરંતુ શરીરનો પણ નાશ કરે છે. શરીરનો નાશ એટલે આરોગ્યનો નાશ. વ્યસનો બુદ્ધિનો નાશ કરે છે. બુદ્ધિનો નાશ એટલે સાર અસારનો વિચાર કરવાની શક્તિનો નાશ.

દક્ષે મનુષ્યનાં દશ પ્રકારનાં વ્યસનો બતાવ્યાં છે. स्त्री द्यूतं मृगया मद्यं नृत्यं गीतं वृथाटनम्। वाद्यं निन्दा दिवा स्वापो व्यसनानि नृणां दश ॥ इति ॥ આ શ્લોકનો એવો અર્થ છે કે- સ્ત્રી એક વ્યસન છે કારણ કે સ્ત્રીમાં આસક્તિ થતાં પુરુષને કલ્યાણના માર્ગ થકી પાડે છે. જે કલ્યાણના માર્ગ થકી પાડે એનું નામ વ્યસન. જુગાર એ પણ એક ભયંકર વ્યસન છે. તેજ રીતે મૃગયા કરવી, મદ્યનું પાન કરવું, નૃત્ય કરવું, ગ્રામ્ય ગીતો ગાવાં, ખોટી રીતે ફરવું, વ્યર્થ વાજીંત્રો વગાડવાં,

એ પણ એક વ્યસન છે. કારણ કે જેને વાજીંત્રનું વ્યસન પડી ગયું હોય એ રાત્રી દિવસ કાંઈ જુએ જ નહિ. પરની નિંદા કરવી એ પણ એક વ્યસન છે. કારણ કે બીજાની નિંદા કરવાનું જેને વ્યસન પડી ગયું હોય, તેને થોડી ઘણી નિંદા કર્યા સિવાય શાંતિ જ આવે નહિ. તેથી એ નિંદા મોક્ષમાર્ગ થકી પાડનારી છે, માટે નિંદા એ વ્યસન છે. દિવસની નિદ્રા એ પણ એક વ્યસન છે, કારણ કે જેને દિવસની નિદ્રા કરવાની ટેવ હોય, તેને જો દિવસની નિદ્રા મળે નહિ, તો એ બેચેની અનુભવે છે. આ રીતે દક્ષે મનુષ્યોનાં દશ પ્રકારનાં વ્યસનો બતાવ્યાં છે.

## દાન ભારતીય સંસ્કૃતિની વિશેષત

- ગોર કૃપા પ્રકાશ

મનુષ્ય જન્મ અતિ મૂલ્યવાન છે. મનુષ્ય જન્મને સાર્થક કરવા માટે ધર્મપરાયણ અને નીતિ-પરાયણ જીવન જીવવું જોઈએ. આપણે આપણા માટે જ નહિ, પરંતુ અન્યના કલ્યાણ માટે પણ કાર્ય કરવું જોઈએ. દાનથી વ્યક્તિની અને સમાજની સેવા થાય છે.

ભારતીય સંસ્કૃતિમાં દાનનો ઘણો મહિમા છે.

''પાની બાઢે નાવમેં, ઘરમેં બાઢે દામ,
દોનો હાથ, ઉલીચીએ, યહી સાધુકા કામ''

દાન અનેક પ્રકારના હોય છે. અન્નદાનથી ભૂખ્યાંની સેવા થાય છે. તૈતરીય ઉપનિષદમાં અન્નને બ્રહ્મ કહ્યું છે, ભૂખ્યાંને માટે અન્નદાન શ્રેષ્ઠદાન છે. રક્તદાનથી કોઈનસ મૂલ્યવાન જિંદગી બચી જાય છે. જ્ઞાનદાનથી વ્યક્તિ અને સમાજને જીવનનો સાચો માર્ગ સાંપડે છે. નેત્રદાનથી અંધને દૃષ્ટિ મળે છે અને તે પોતાનો વિકાસ સારી રીતે કરી શકે છે. વિદ્યાદાનથી વ્યક્તિમાં સારું-નરસું સમજવાની વિવેકશક્તિ કેળવાય છે અને વ્યક્તિ તેમજ સમાજનો વિકાસ થાય છે.

દેશના અનેક શહેરો અને ગામડાઓમાં મંદિરો, હોસ્પિટલો, શાળાઓ, ધર્મશાળાઓ, છાત્રાલયો વગેરેનું નિર્માણ અનેક લોકોના દાન દ્વારા થયેલું છે. આપણી પાસે જે ધન છે તેમાંથી થોડું ઘણું જો સમાજના ઉત્કર્ષ માટે, દુઃખી લોકોની સેવા માટે વપરાય નહીં તો તે ધન વ્યર્થ છે. સમાજના સારાં કામો માટે માણસ જો ધનનું દાન ન કરે તો તેનું ધન કાંકરા સમાન છે. વિદ્વાન વિદ્યાનું દાન ન કરે તો તેની વિદ્યા ભારરૂપ છે.

દાન આપનારે કોઈપણ જાતના બદલાની અપેક્ષા વિના નિઃસ્વાર્થભાવે નમ્રતાપૂર્વક દાન કરવું જોઈએ. 'ઈશ્વરે મને આપ્યું છે તો હું આપું છું' એવા નમ્રભાવથી દાન કરવું જોઈએ. દાન આપનારે પોતાની પ્રસિધ્ધિની આશા ન રાખવી જોઈએ. દાન કરનારે મનમાં દાન કર્યાનું અભિમાન પણ ન રાખવું જોઈએ. કહેવાય છે કે, જમણા હાથે કરેલાં દાનની ખબર ડાબા હાથને પણ ન પડવી જોઈએ. સંતો અને કથાકારો શાસ્ત્રોમાંથી શોધીને કહે છે કે, 'તું તારી આવકનો થોડો ભાગ દાનમાં વાપરજે' આપણે અન્નદાન, વસ્ત્રદાન, રક્તદાન, વિદ્યાદાન, નેત્રદાન વગેરેનો મહિમા સમજીએ અને તેને આચરણમાં મૂકીએ. તલના લાડુમાં સિક્કાઓ રાખીને દાન અપાય છે તેમ આપણે 'ગુપ્તદાન કરીએ' અહીં દાન અને ધર્માદો બે વસ્તુ અલગ છે. શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં જે આજ્ઞા કરી છે તેમાં પોતાની વૃત્તિ અને ઉદ્યમથી પ્રાપ્ત થયેલ ધન અથવા ધાન્ય તેમાંથી ૧૦મો કે ૨૦મો ભાગ શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવો.

આથી સ્પષ્ટ છે કે દાન દરેકને અપાય. કીડીથી માંડી ગરીબ ગાય સુધી પણ ધર્માદો શ્રીકૃષ્ણ ભગવાનને જ અપાય અને તે પણ મહારાજે સ્થાપેલા દેવો અને દેશવિભાગના નિયમ મુજબ ભગવાનને જ અર્પણ કરાય. દા.ત. આપણે કચ્છના છીએ તો મહારાજે આપેલા ભુજના શ્રી નરનારાયણદેવને જ અપાય.

હે કૌરવરાજ ! તમે પાંડવોની સાથે સંધિ કરો. શત્રુઓ તમારી વચ્ચે ભેદની ઇચ્છા ન કરો. હે નરદેવ ! સર્વ પાંડવો સત્યનું અવલંબન કરીને રહેલા છે. આથી હે નરેન્દ્ર ! તમે દુર્યોધનને યુદ્ધથી અટકાવો. ૭૪

ઇતિ શ્રીમહાભારતમાં ઉદ્યોગપર્વ અંતર્ગત પ્રજાગરપર્વમાં વિદુરનીતિવાક્યનો ચતુર્થો અધ્યાયઃ ॥૪॥

-: અધ્યાય :- ૫

સત્તર મૂર્ખોનો નરકવાસ

વિદુર બોલ્યા :- હે રાજેન્દ્ર ! સત્તર પુરુષોને સ્વયંભૂ મનુએ આકાશને મુષ્ટિથી પ્રહાર કરનારા કહ્યા છે. હે વિચિત્રવીર્યના પુત્ર ! તેમણે તેમને મેઘમાં રહેલા, ન નમાવી શકાય તેવા ઇન્દ્ર-ધનુષને નમાવનારા અથવા સૂર્ય, ચંદ્ર વગેરેનાં ન ઝલાય તેવાં કિરણોને ઝાલનારા કહ્યા છે. (અર્થાત્ અત્યંત મૂર્ખ કહ્યા છે.) ૧-૨

મહર્ષી વેદવ્યાસ પ્રણીત

**મહાભારત અંતર્ગત**

# વિદુરનીતિ

હે નરેન્દ્ર ! જે ઉપદેશને અયોગ્ય એવાને ઉપદેશ આપનાર, અલ્પ લાભથી સંતોષ માની બેસનાર, પોતાના સ્વાર્થને માટે શત્રુનાં પડખાં સેવનાર, સ્ત્રીઓને સાંચવ્યા કરવામાં કલ્યાણ માનનાર, યાચનાને અયોગ્યની યાચના કરનાર, જે આપબડાઇ હાકે છે, જે સારાકુળમાં જન્મ્યા છતાં અયોગ્ય કાર્ય કરનાર, નિર્બળ હોઇ બળીયા સાથે વેર રાખનાર, અશ્રદ્ધાળુને હિતવચન કહેનાર, જે અનિચ્છનીય વસ્તુની ઇચ્છા રાખનાર, પુત્રવધુની ઠઠ્ઠા મશ્કરી કરનાર સસરો, સસરાની પાસે રક્ષણ મેળવ્યા છતાં તેમની પાસે માન આદિની ઇચ્છા રાખનાર, જે પરસ્ત્રીમાં અથવા પરાયા ખેતરમાં બીજ વાવનાર, સ્ત્રી સાથે હદબહારનો કજીયો કરનાર, જે પોતાને કાંઇ વસ્તુ મળ્યા છતાં મને યાદ નથી એવું કહેનાર, જે વચન આપ્યા છતાં યાચકને વચન મુજબ નહિ આપનાર અને જે દુર્જનને પણ સજ્જન કરી બેસાડે છે. આ સત્તર જણાને હાથમાં પાશ ધારણ કરનારા યમદૂતો નરકમાં લઇ જાય છે. ૩-૬

ધર્મ એટલે શું ?

જે મનુષ્ય જેના પ્રત્યે જેવું વર્તન રાખે, તેના પ્રત્યે તે મનુષ્ય તેવું વર્તન રાખવું, એ ધર્મ છે. કપટી સાથે કપટથી વર્તવું અને સદાચારી સાથે સદાચારથી વર્તવું. ૭

કોણ કોનો નાશ કરે છે ?

ઘડપણ રૂપનો, આશા ધીરજનો, મૃત્યુ પ્રાણોનો, ઇર્ષ્યા ધર્માચરણનો, કામ લજ્જાનો, નીચની સેવા સદ્વર્તનનો, ક્રોધ લક્ષ્મીનો અને અભિમાન સર્વસ્વનો નાશ કરે છે. ૮

ધૃતરાષ્ટ્ર બોલ્યા :- સર્વ વેદોમાં પુરુષને સો વર્ષના આયુષ્યવાળો કહેલો છે, તો શાથી તે આ લોકમાં સો વર્ષનું પુરું આયુષ્ય ભોગવતો નથી ? ૯

આયુષ્ય ઘટવાનું કારણ

વિદુર બોલ્યા :- હે નરપતિ ! તમારું કલ્યાણ થાઓ, મહા અભિમાન, મર્યાદા રહિત ભાષણ, ત્યાગનો અભાવ, ક્રોધ, એકલપેટાપણું અને મિત્રદ્રોહ આ છ તીક્ષ્ણ તલવારો સમાન છે અને તેઓ જ દેહધારીઓના આયુષ્યને કાપી નાખે છે. મનુષ્યોને તેઓ જ મારે છે, મૃત્યુ મારતું નથી. ૧૦-૧૧

કોનો સંગ ન કરવો ?

હે ભારત ! જે મનુષ્ય વિશ્વાસુની સ્ત્રીનો સંગ કરે છે, જે ગુરુપત્નીની સાથે ગમન કરે છે, જે બ્રાહ્મણ થઇને શુદ્ર જાતિની સ્ત્રી સાથે સમાગમ કરે છે, જે બ્રાહ્મણ મદિરાપાન કરે, જે મજૂર પાસે મફત કામ કરાવે છે, જે બ્રાહ્મણની આજીવિકાનો નાશ કરે છે, જે બ્રાહ્મણો પાસે દાસપણું કરાવે છે અને શરણે આવેલાને હણે છે, તે સર્વે બ્રહ્મહત્યારા સમાન જાણવા. એમનો સંસર્ગ થાય તો પ્રાયશ્ચિત કરવું. એવી વેદની આજ્ઞા છે. ૧૨-૧૩

# દીકરીએ દી વાળ્યો !

- રાધાબેન ર. ગોળવિયા
(વેળાવદરવાળા-સુરત)

ઉત્તર ગુજરાતના દંઢાવ્ય દેશનું ડાંગરવા ગામ જે મહાન પવિત્ર ગામમાં શ્રીહરિ ૩૬-૩૬ વખત પધારી ભૂ ધરાને પાવન કરી છે તે ગામના વેણીભાઈ પટેલ અને દીકરી જતનબા અને રતનબા હતા. જતનબા અને પિતા વેણીભાઈ મહારાજને જેતલપુર તેડવા ગયા અને પોતાને ગામ પધારવા આમંત્રણ આપેલું. મહારાજે શરત કરેલી કે તમારા ગામે દૂધ બહુ થાય છે. તો અમોને સંતો ભક્તોને દૂધ બહુ જ જમાડજો. જો અમો દૂધ જમતા હારીએ તો તમો કહો તે સજા અમો (મહારાજ ખુદ) ભોગવીએ અને જો અમોને દૂધ જમતા જમાડતા તમારા દહીંદૂધ ખૂટે તો અમો તમોને સજા કરીએ તેમ નક્કી થયેલું. પછી મહારાજ સંતો-ભક્તોને લઈને ડાંગરવા પધારેલા.

મહારાજ ડાંગરવા પધારતા વેણીભાઈ અને જતનબાએ આખા ગામનું દૂધ ભેગું કરી દૂધપાક ઘણો જ બનાવેલો. મહારાજે સંતો-ભક્તોને પીરસતા ઘણો જ ધાર ખેંચ્યા વગર પીરસ્યો ઢોળ્યો પણ દૂધપાક ઓછો ન પડ્યો. અને મહારાજ હાર્યા પછી સજા ભોગવવા તૈયાર થયેલા. જતનબાએ મહારાજને શું સજા કરી ? જતનબા કહે આપ પ્રભુને અમો શું સજા કરીએ ! પણ તમો હાર્યા જ છો તો અમારી સજા માન્ય રાખવી પડશે અને તે સજા તમારે (મહારાજે) ત્રણ તાંસડા ભરીને દૂધપાક જમવો પડશે. પછી મહારાજ જતનબા અને વેણીભાઈના પ્રેમને, આગ્રહને વશ ત્રણ તાંસડા દૂધપાક જમીને રાજી કરેલા.

આવા ડાંગરવા ગામને મહારાજે જેના-જેના ઘેરથી દૂધ આવ્યું હતું તેને તેના પશુઓને પણ કલ્યાણનો કોલ આપ્યો અને ગામને પણ કોલ આપેલાં કે ગામમાં ક્યારેય દૂધ દહીં નહીં ખુટે. આ ડાંગરવા ગામમાં શ્રીજી મહારાજ અનેક વખત આવી જતનબા પાણી ભરવા કે બહાર ગયા હોય તો પણ મહારાજ પોતાનું ઘરમાની પોતાની જાતે જ ઘરમાંથી દૂધ, દહીં, માખણ, ઘી લઈ સંતો-ભક્તોને જમાડ્યા છે. આવા જતનબાને મહારાજમાં ભાવ અને દિવ્યભાવ હતો.

સાથે રતનબા જે જતનબાના બહેન હતા જે આંબાગામ સાસરે હતા, તેમણે પણ પોતાના પિતા વેણીભાઈ અને બહેન જતન બહેનને કહીને મહારાજને પોતાને ગામ આંબાગામ તેડાવેલા. જે મહારાજ આંબાગામ આવ્યા ત્યારે રતનબા માથે લોટાજળ અને શ્રીફળ લઈને પાટલો લઈને પાદર મહારાજની સામે ગયા. પાદર (ભાગોળે) મહારાજને પાટલા ઉપર ઊભા રાખી વરરાજાને પોંખે તેમ પોંખણા કરી દુઃખણા લઈ (ઓવારણા) મહારાજને ગામમાં પધરાવેલ. ગામના લોકોએ ત્યારે રતનબાને પૂછેલું કે આમ તમોએ તમારા પ્રભુને કેમ વરરાજાની જેમ પોંખ્યા. ત્યારે રતનબાએ કહ્યું કે જગત અને ભગતની રીત જુદી હોય છે તમો ગામનો કે કુટુંબના વરરાજાને પોંખીને ગામમાં લાવો છો આ તો આખા બ્રહ્માંડનો વરરાજો છે તેને પોંખ્યા વગર કેમ ગામમાં લવાય ? આવો સરસ ઉત્તર આપેલો.

હવે મૂળ વાત ઉપર આવીએ કે આ સંસારમાં દીકરા હોય તેને સંસારસ સારું માને છે પણ વેણીભાઈ (ડાંગરવા) ને દીકરીઓ જતનબા અને રતનબા બન્ને દીકરા સમાન હતી. એ સહુના પ્રેમને આધીન પ્રભુ વારંવાર તેમને ઘેર પધારતા. એક વખત ઓગણોતેરા કાળમાં મહારાજ ડાંગરવા પધાર્યા. દુષ્કાળનું વર્ષ. અનાજ પાક્યું ન હતું. મહારાજ ઘણો જ સમય ડાંગરવા રોકાયા. જવાનું નામ લેતા નથી. આ બાજુ વેણીભાઈને ચિંતા થઈ કે મહારાજ અને સંતો-ભક્તો વધુ રોકાશે તો અનાજનું શું થશે ? તે વિચારથી વેણીભાઈએ દીકરી જતનબાને બોલાવીને

કહ્યું કે જતન બેટા જો મહારાજ આપણે ત્યાંથી બીજે ગામ જવાનું કહે તો પ્રેમથી રજા આપી દેજે. જેથી અન્નનો પ્રશ્ન મૂંઝવે છે તે ન રહે. જે વાત મહારાજ અંતર્યામીપણે જાણતા હતા. જે વાત વેણીભાઈએ દીકરી જતનને કરી તે વાત માટે મહારાજે જતનબાને પૂછ્યું કે જતનબા તમારા પિતા તમોને શું કહેતા હતા ?

ત્યારે જતનબા વેણીભાઈના દીકરી કરતાં દીકરો કહીએ તો ખોટું નથી. આવી દીકરી બાપનો દી વાળ્યો કહેવાય. મહારાજને જતનબા કહે મહારાજ ! મારા બાપુ કહેતા હતા કે મહારાજને હમણાં રોકજો, જવા દેતા નહીં તેમ કહ્યું. મહારાજે જતનબાને કહ્યું તમો અમોને ખોટું કહો છો તમારા બાપુનું રાખવા તમો અમોને આમ કહો છો. તમો તમારા બાપુનો દી આજે વાળ્યો છે.

અમો બધું જ જાણીએ છીએ. દુષ્કાળના કપરા સમયમાં તમારા ઘરની સ્થિતિ અનાજની વ્યવસ્થા બહુ જ જાણીએ છીએ. તમોને વિસામણ છે તો જાવ તમારી કોઠી જે અનાજની છે તેમાંથી કોઠીના બાકોરેથી અનાજ કાઢ જયાં નહીં ખૂટે. ઉપર કોઠી ચાંદી પેક કરી દેજો તમો અનાજ વાપરજો અને બીજા ગામના દરેક જેને જરૂર હોય તેને પણ આપજો. આમ મહારાજે જતનબા બાપુની વિસામણ ટાળી. પછી તો તે કોઠીમાં ઘણાં જ સમય સુધી અનાજ આવેલું. પોતે વાપરેલું અને ગામને પણ આપેલું.

આમ જતનબાએ બાપનો દી વાળ્યો. બાપાએ મહારાજને નહીં રોકવા અને વિદાય આપવા કહ્યું હતું છતાં બાપાનું મહારાજ આગળ સારું ઈચ્છ્યું અને એમ એક દીકરી હોવા છતાં વેણીભાઈનો દી દીકરીએ વાળ્યો કહેવાય અને મહારાજ અને સંતોનો રાજીપો મેળવેલો. આવા જતનબા બહેન રતનબા (આંબા) ને કોટિ-કોટિ પ્રણામ હો. જેમણે મહારાજને રાજી કર્યા. બન્ને બહેને દીકરીઓએ બાપનો દી વાળ્યો કે બાપના ડેલીએ દીવો કર્યો કહેવાય.

# પરમ હિતકારી ભક્તિ-યોગ

- ડૉ. કાનજી વી. કેરાઈ (કેન્ટન-લંડન)

શ્રી સ્વામિનારાયણ ભગવાને ૮ સચ્છાસ્ત્ર માન્ય કરેલ છે, જેમાં ગીતા પણ એક છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાનો ૧૨ મો અધ્યાય ભક્તિયોગ એ સંસારી માનવી માટે એક અદ્‌ભુત અને જીવનમાં અમલમાં મુકવા માટે અને પ્રભુને પ્રિય બની પ્રભુને પામવા માટે શ્રીકૃષ્ણ ભગવાન દ્વારા માર્ગદર્શન આપતો સાધન કરવામાં સુલભ એવો સુંદર યોગ છે. જેમાં ભક્તિનું સ્વરૂપ, ભક્તિની રીત તથા સરળ અને સહજ ભક્તિથી સુલભ એવી પ્રભુ પ્રાપ્તિ અંગેનું સંપૂર્ણ માર્ગદર્શન છે. જે માર્ગદર્શન દ્વારા સરળ સાધનાથી જીવનપર્યંત પ્રભુમાં અચલ સ્થિર રહેવાનો આધ્યાત્મિક ભાવ છે.

સગુણ રૂપ પરમેશ્વરને શ્રધ્ધાપૂર્વક ભજનાર તથા નિરાકાર બ્રહ્મને અતિ શ્રેષ્ઠ ભાવથી ભજનાર ઉપાસકોમાં અતિ ઉત્તમ યોગવેતા કોણ ? આવી જાણકારીની ઈચ્છા ધરાવનાર મહાત્મા અર્જુનને આખો ભક્તિયોગ ભગવાન શ્રીકૃષ્ણ કહે છે. જે યોગમાં ભક્તને ઈશ્વર પરાયણ તથા ઈશ્વર સમર્પિત થવાનો જે રાહ કે જે ધ્યેય પ્રાપ્તિ સુધી લઈ જાય છે તેને સમજીએ. ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે, મારામાં મનને એકાગ્ર કરી અતિશય શ્રેષ્ઠ શ્રધ્ધાથી યુક્ત થઈ જે ભક્તજન મને એટલે કે સગુણરૂપ પરમેશ્વરને ભજે છે તે મને માન્ય ઉત્તમયોગી છે. અહીં ભાવ એ છે કે સગુણરૂપ પરમેશ્વરને અનન્ય ભક્તિ દ્વારા ભજવા એ નિરાકાર બ્રહ્મને ભજવા કરતાં સહેલા છે. શ્રીકૃષ્ણ કહે છે કે, નિરાકાર બ્રહ્મમાં આસક્ત ચિત્તવાળા પુરુષોનાં સાધનમાં પરિશ્રમ વિશેષ છે કારણકે દેહાભિમાનીઓ દ્વારા અવ્યક્ત વિષયક ગતિ દુઃખપૂર્વક પ્રાપ્ત કરવામાં આવે છે. જોકે નિરાકાર બ્રહ્મને ભજનાર સમત્વની ભાવનાવાળા યોગી પણ પ્રભુને જ પ્રાપ્ત થાય છે.

સગુણરૂપ પરમેશ્વરને ભજીને પ્રાપ્ત કરવા

ભગવાન શ્રીકૃષ્ણ, કૃષ્ણ પરાયણ થવા પર એટલે કે અનન્ય ભક્તિમય થવા પર પ્રેરણા આપે છે તથા ભાર મુકે છે. જેમાં ભક્તને સરળ માર્ગદર્શન આપવામાં આવે છે કે જે ભક્ત સંપૂર્ણ કર્તવ્યકર્મો ઈશ્વરને પરાયણ થઈ ઈશ્વરને સમર્પિત થઈ કરે છે તથા આસક્તિ અને વેરભાવથી રહિત હોય છે તે ભક્ત ઈશ્વરને પ્રાપ્ત થાય છે. જેમાં પ્રભુને સમર્પિત થવા વિષેનો ભાવ છે. જે સમગ્ર ગીતાનું સાર તત્ત્વ પણ છે.

આગળ પ્રભુમાં અચલ સ્થાપન માટે શ્રીકૃષ્ણ વધુ સરળ રસ્તાઓ બતાવતાં અર્જુનને કહે છે કે, તું મનને મારામાં અચળ સ્થાપન માટે સમર્થ નથી તોપણ વાંધો નહીં તું અભ્યાસ રૂપ યોગ દ્વારા મને પ્રાપ્ત કરવા ઈચ્છા કર. જેમાં અભ્યાસ રૂપ યોગની સમજુતીમાં ભગવાનનાં નામ અને ગુણોનું શ્રવણ, કીર્તન, મનન તથા શ્વાસ દ્વારા જપ તથા શાસ્ત્રોનું પઠન વગેરે વારંવાર કરવું એવો અહીં ભાવ છે, જે સાધન કરવામાં સરળ છે. આગળ શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે, આ અભ્યાસમાં પણ તું અસમર્થ છે. તો ફક્ત મારા માટે કર્મ કરવા માટે પરાયણ થઈ જા. આમ, ભગવાનને નિમિત્ત કર્તવ્ય કર્મો જેવા કે, યજ્ઞ, દાન, તપ વગેરે નિષ્કામ પ્રેમભાવથી કરવાનો ભાવ છે, કે જેના દ્વારા ઈશ્વરની પ્રાપ્તિરૂપ સિધ્ધિ મેળવી શકાય. આગળ શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે અગર તું તેમ કરવાને પણ અસમર્થ છે, તો તું મન, બુધ્ધિ વિગેરે પર વિજય પ્રાપ્ત કરીને સર્વે કર્મોના ફળનો ત્યાગ કર. સર્વે કર્મોના ફળનાં ત્યાગનો ભાવ એ છે કે, ખાન-પાન, તપ, હવન, દાન વિગેરે સર્વે કર્મો ઈશ્વરને સમર્પણ કરવા જેમાં સમર્પણની ભાવનાથી ભગવાનમાં શ્રધ્ધા, પ્રેમ અને પરાયણતા તથા સાતત્ય જળવાઈ રહે છે. એટલે જ ધ્યાનથી કર્મફળનો ત્યાગ શ્રેષ્ઠ છે.

સંસારી માનવી ગીતાના આ સરળ માર્ગદર્શન દ્વારા શાંતિને પ્રાપ્ત થાય છે. તથા ઈશ્વર પરાયણ રહી શકે છે. આગળ આ યોગમાં શ્રીકૃષ્ણ પોતાને પ્રિય જે ભક્ત છે. તેના ગુણો વિષે કહેતાં થાકતા નથી. આ મુજબ જે ભક્ત સર્વ પ્રાણીમાં દ્વેષભાવ રહિત, મમતા રહિત, અહંકાર રહિત, સુખદુઃખમાં સમતા રાખનાર, ક્ષમાવાન, મન ઈન્દ્રિયોને વશમાં રાખનાર, દૃઢ નિશ્ચયી, ઈશ્વરમાં સમર્પિત છે, તે પ્રભુને પ્રિય છે. આવા ભક્તો કોઈને ઉદ્વેગ કરાવતા નથી તથા કોઈનાથી ઉદ્વેગ પામતા નથી. જે સુખ-દુઃખમાં સમ છે તથા સર્વ રીતે સંતુષ્ટ છે તથા જે ઉપર કહ્યા મુજબના ધર્મમય અમૃતનું નિષ્કામ પ્રેમભાવથી, શ્રધ્ધાથી સેવન કરે છે, તે પ્રભુને અતિશય પ્રિય ભક્તો છે. પરમાત્મા પરમેશ્વર શ્રીકૃષ્ણની સમીપે પહોંચવના રસ્તાઓ બતાવનાર તથા પ્રભુને પ્રિય બનવાની પ્રેરણા આપનાર ભક્તિયોગને અપનાવવાના પ્રયત્નો કરી જીવન ધન્ય બનાવીએ.

ભક્તિના માર્ગે ચાલનાર ભક્ત દિવસ-રાત સુખમય જીવન માટે ઈશ્વરને યાદ કરે છે. કેટલાંક કાર્યો એવાં હોય છે જેમનું ફળ અમુક સમય સુધી મળે છે. જ્યારે કેટલાંક કાર્યો એવાં હોય છે જેમનું ફળ અનંત સમય સુધી મળતું રહે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો એક શ્વાસ લેવાનું કાર્ય છે. તેનું ફળ બે-પાંચ ક્ષણ સુધી જીવન જીવવાની શક્તિરૂપે થાય છે. એ સમય પસાર થઈ જાય પછી ફરી જીવન જીવવાની શક્તિ મેળવવી પડે. એટલે ફરી પાછો શ્વાસ લેવો પડે. આમ અમુક-અમુક સમયના અંતરે શ્વાસ લેવાની ક્રિયા કરવી પડે તો જ જીવન જીવવાની શક્તિ મળે. આવું જ એક કર્મ ભગવાનની, ઈશ્વરની ભક્તિનું છે. એક માનવ તરીકે સાંજે કરેલી ભક્તિથી આખી રાત્રિ સુખપૂર્વક વ્યતીત થયેલી અનુભવાય છે, પણ સવાર થતાં દિવસને સુખપૂર્વક વ્યતીત કરવા માટે ભક્તને ફરી પાછી ભગવાનની ભક્તિ કરવાની આવશ્યકતા અનુભવાય છે. ભક્તિની આ કમજોરી નથી કે સવારે દિવસને સુખરૂપે પસાર કરવા અને સાંજ તથા રાત્રિને સુખરૂપે પસાર કરવા ભગવાનની ભક્તિ કરવી પડે છે ! પણ આ તો તેનો સદ્‌ગુણ છે.

પરમાત્માનો સ્પર્શ એ અનુભવી શકે છે જે એના તરફ ઉમળકાભેર જાય છે. એના આનંદનો એને જ સાક્ષાત્કાર થાય છે, જેના અંતરમાં એનો ઉલ્લાસ હોય છે. આથી ઈશ્વરભક્તિ એ માત્ર કર્તવ્ય નથી, બલ્કે આનંદનો પ્રબળ આવિષ્કાર છે. ઈશ્વર એવું ઈચ્છતા નથી કે આપણે નિઃસહાય બનીને એના શરણે એદીની માફક પડ્યા રહીએ. ઈશ્વરનો એ ઈચ્છે છે કે આપણે જીવંત અને ચૈતન્યમય બનીને એની પાસે જઈએ. પરમાત્માના ચહેરા પરની અગાધ શાંતિ એ

એમની પ્રસન્નતામાંથી જન્મી છે, આથી પરમાત્મા પણ ઈચ્છે છે કે એવી પ્રસન્નતામાં સહભાગી બનવા માટે ભક્ત તડપન સાથે, ભક્તિ સાથે અને જોશ સાથે એની પાસે આવે. આમ ભક્તિ એટલે ઈશ્વર પ્રત્યે માત્ર યાચના નહીં, બલ્કે ઈશ્વર સાથે જીવંત ભાગીદારી.

નિષ્કામ ભક્તિ જ શ્રેષ્ઠ છે. ભગવાન પાસે માગવું તે સકામ ભક્તિ નિમ્નકક્ષાની ભક્તિ છે. આપણે રોજ ભગવાન પાસે કંઈકને કંઈક માગ્યા જ કરીએ છીએ. આપણી સ્વાર્થવૃત્તિ યાચક બનીને અનેક ક્ષુલ્લક વસ્તુઓ ધન-દોલત, પુત્ર-પરિવાર, આરોગ્ય, ભૌતિક સંપત્તિ, શત્રુ પર વિજય અને સર્વ પ્રકારના સુખોની પ્રાપ્તિ માટે પ્રાર્થના ચાલતી જ રહે છે. જ્યારે આપણી યાચકવૃત્તિ નિર્મૂળ થઈ જાય છે અને માત્ર આનંદ માટે જ ભક્તિભાવ જાગે છે ત્યારે જીવન દિવ્ય બની જાય છે.

આપણે ભક્તિના માર્ગે ચાલીને શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાને પ્રાપ્ત થઈએ એવી શુભ ભાવના સાથે જય શ્રી સ્વામિનારાયણ.

- રમીલા દેવજી જોધાણી
(માનકુવા)

## સત્સંગી હરિજન

લગભગ સો વર્ષ પહેલાંની વાત છે. વડોદરાને અડીને એક છાણી વિસ્તાર છે. આ વિસ્તારમાં હરિજનો સત્સંગી છે અને આ હરિજનોએ જ સ્વામિનારાયણ ભગવાનનું મંદિર બનાવ્યું છે. એ વખતે અંગ્રેજોનું રાજ હતું. છાણી ગામનો એક હરિજન રેલ્વેમાં સાંધાવાળા તરીકે નોકરી કરે. વડોદરા સ્ટેશને એની નોકરી. એક વખત ટ્રેનમાં મોટા-મોટા સાહેબો, સ્ટેશન માસ્તર, આસિસ્ટન્ટ માસ્તર તથા બે-ત્રણ ક્લાર્ક અને બે-ચાર અંગ્રેજો હતા. આ બધાએ ટ્રેનમાં પાર્ટી રાખી. તેમાં પાનના ભજીયાં, દૂધપાક-પુરી આ બધું બનાવ્યું.

પછી બધાં ભેગા થઈને જમ્યા અને વધ્યું એટલે કોઈ બોલ્યું. આ સાંધાવાળા હરિજનને આપી દો. એ બધું ખાઈ જશે. આ સત્સંગી ભાઈને ત્યાં બોલાવીને કહે, ‘‘લે ભાઈ ! આ દૂધપાક-પુરી, ભજીયાં બધું ઘેર લઈ જા.’’ આ તો ટેકીલો સત્સંગી હતો. તેણે કહ્યું, ‘‘સાહેબ તમે જીભના સ્વાદે આ બધી વસ્તુ ખાધી પણ મને કામ ન લાગે’’ માસ્તરે પૂછ્યું, ‘‘કાંઈ કારણ ?’’ તેણે કહ્યું, ‘‘આ મેંદો તમે બજારમાંથી મંગાવ્યો અને સીધી પુરીઓ કરવા માંડ્યા. મેં નજરે જોયું છે, આ મોટાં-મોટાં પાંદડાં કોઈએ જોયાં નહી અને ધોયાં પણ નહીં’’ માસ્તરે કહ્યું, ‘‘કંઈ વાંધો નહીં, તો આ દૂધપાક લઈ જા’’ ‘‘ના, ના, દૂધપાક પણ નહીં ચાલે, તમે કોઈએ દૂધ ગાળ્યું હતું ?’’ ‘‘પણ આમાં શું છે’’ ‘‘ના, ના સાહેબ માઠું ન લાગે તો બતાવું’’

પછી તો પુરી કરતાં વધેલા લોટ ઉપર ધીમેથી આ હરિજને થાળી ફેરવી જેથી લોટની સપાટી એકદમ લીસી થઈ ગઈ અને અંદર ધનેરાં આવવા માંડ્યા. લોટની સપાટી પર એક-બે ઈયળ નૃત્ય કરવા લાગી. ‘‘સાહેબો આ લોટની પૂરી તમે ખાધી છે ! હું ભલે હરિજન છું પણ સ્વામિનારાયણ ભગવાનનો સત્સંગી છું. આવી પુરી મને કામ ન લાગે, પાંદડાના રેસા પાસે મેલ જામેલો એમાં સૂક્ષ્મ જીવાત થાય, પાંદડા ધોયાં પણ નથી. માફ કરજો સાહેબો, આ તમને કોઈને ખ્યાલ છે ? તમે મારા સાહેબો છો, હું તમારો નોકર છું પણ મારી આંખ ભગવાને ખુલ્લી રાખી છે, આવો ખોરાક અમો નથી ખાતા !’’

જોયું ભક્તો ! જાતે હરિજન પણ તેના વિચારો તો કેવા ઊંચા છે. આપણે તો બધું જ ખાઈએ છીએ. આ હરિજન જેવા ભક્ત પાસેથી થોડું શીખીયે.

શ્રીજી મહારાજે ગ.પ્ર. ૧૮ મા વચનામૃતમાં આજ્ઞા કરી છે કે પંચવિષય વિચારીને ભોગવજો. નહીંતર નારદ સનકાદિક જેવા હશે તો પણ અંતર ડોળાયા વિના નહીં રહે.... આનું દરેક સત્સંગીઓએ ધ્યાન રાખવું.

# અને કાળ થંભી ગયો.

- ભરતભાઈ પી. મહેતા

સૃષ્ટિના સર્જનહાર શ્રી રાધાકૃષ્ણદેવનો શતાબ્દિ મહોત્સવ ઉજવવા જઈ રહ્યા છીએ ત્યારે શ્રી રાધાકૃષ્ણદેવની મૂર્તિ પ્રતિષ્ઠા સમયની ઘટના યાદ આવી જાય છે, જે અત્રે પ્રસ્તુત છે.

સંવત ૧૯૬૭ માં ભુજ મંદિરના તત્કાલિન મહંત સ.ગુ. સ્વામી શ્રીમહાપુરુષદાસજી, બ્રહ્મનિષ્ઠ સંતો અને હરિભક્તોએ શ્રી રાધાકૃષ્ણદેવ અને શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિઓનો પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવાનો સંકલ્પ કર્યો. કચ્છના ગામેગામના હરિભક્તોને આમંત્રણ આપી મહોત્સવ ધામધૂમથી ઉજવવાનું આયોજન કર્યું. આ માટે તે સમયના કચ્છના બાવા (રાજા) મહારાઓ શ્રી ખેંગારજીની મંજૂરી માંગવામાં આવી. મહારાઓએ જણાવ્યું કે જો આ વર્ષે પ્રતિષ્ઠા કરવી હોય તો ભુજ સિવાય બીજા ગામના લોકોને આમંત્રણ આપશો નહીં. ત્યારે સંતોએ કહ્યું કે આવો અણમોલ અવસર હોય અને કચ્છમાં રહેતા દરેક સત્સંગીને આમંત્રણ ન આપીએ તે કેમ ચાલે ? આ ઉત્સવ તો બધાનો છે, તેથી કચ્છના તમામ લોકોને આમંત્રણ આપવાની અનુમતિ આપવાની વિનંતી કરી. કચ્છના મહારાઓ આ વાતથી સહમત થયા પણ શરત મૂકતાં જણાવ્યું કે તમારે બીજા ગામના હરિભક્તોને આમંત્રણ આપવું હોય તો ભલે આપો પણ માંડવીમાં રહેતા હરિભક્તોને આમંત્રણ નહીં અપાય તેમજ માંડવીની એકપણ વ્યક્તિ ભુજ નહીં આવે તેવી ખાતરી આપો તો જ યજ્ઞની મંજૂરી આપીએ. સંતોએ ખૂબ સમજાવ્યા પણ રાજા પોતાની વાત પર મક્કમ રહ્યા. માંડવીમાં રહેતા હરિભક્તોને યજ્ઞમાં આવવાની મનાઈ ફરમાવી દીધી. કારણ કે તે સમયે માંડવીમાં કોલેરાનો રોગચાળો ફાટી નીકળ્યો હતો તેથી ત્યાંના લોકો મરણને શરણ થતા હતા. અને ત્યાંથી જો કોઈ ભુજ આવે તો તેનો ચેપ અન્ય લોકોને પણ લાગે અને સમગ્ર કચ્છમાં રોગચાળો ફેલાઈ જાય, તેથી પ્રજાના આરોગ્યને નજર સામે રાખીને અનુમતિ ન આપી. સંતો અને હરિભક્તો નિરાશ થઈને મંદિરે પાછા ફર્યા. સૌએ વિચાર્યું કે કચ્છના બીજા ગામના હરિભક્તો આવે અને માંડવીના હરિભક્તો રહી જાય તે યોગ્ય નથી અને તેમને મૂકીને યજ્ઞ કરીએ તે ઉચિત નથી. તે સમયે રામપુરથી ભુજ પધારેલા મહામુક્ત સાંખ્યયોગી ધનબાઈ ફઈને પણ એમ જ થયું કે આવા મોટા યજ્ઞમાં માંડવીના હરિભક્તો આવે નહીં અને આવા દિવ્ય લાભથી વંચિત રહી જાય તે સારું નહીં. તેથી સ.ગુ. મહંતસ્વામી તથા અન્ય સંતોને ચિંતા થઈ કે આ તો યજ્ઞનું આયોજન વિખાઈ જશે.

રામપુરના સાં.યો. ધનબાઈ ફઈ કોઈ સામાન્ય વ્યક્તિ ન હતાં. તેઓને તો આપણા સંપ્રદાયમાં મોખરાનું આગવું સ્થાન મળ્યું છે. સાદું જીવન જીવતા ધનબાઈ ફઈ અંતઃકરણથી અતિ પવિત્ર અને માનવમાત્રના કલ્યાણની ભાવનાવાળા પ્રભુ પ્રતિ એવા તો સમર્પણશીલ હતા કે એમના રોમે રોમમાં શ્રીજી વસતા હતા, એમનો દરેક શ્વાસ શ્રી સહજાનંદ સ્વામી માટે જ હતો અને તેમના હૃદયના દરેક ધબકારમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનનો જયઘોષ સંભળાતો હતો. તેઓ એવા તો પ્રભુપરાયણ હતા કે એક દિવસ રાત્રે શ્રીજી મહારાજે તેમને દિવ્યપણે પોતાનાં દર્શન આપીને કહ્યું કે, “અમો ભૂખ્યા છીએ માટે અમોને જમવાનું આપો” ત્યારે તેમણે સુંદર થાળ કરીને મહારાજને જમાડ્યા. જમીને મહારાજે પૂછ્યું, “હે ધનબાઈ ! તમે ભુજથી કેમ આવતા રહ્યા ?” ત્યારે ફઈએ બે હાથ જોડી અતિ વિનમ્રભાવે કહ્યું, “પ્રભુ, આપ તો અંતરયામી છો. તમે પૂછો છો તેથી કહું છું કે ભુજમાં તમારી મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવાની છે. તેમાં માંડવીના હરિભક્તોને મુકીને યજ્ઞ કરવો એ મને યોગ્ય ન લાગ્યું તેથી હું આવતી રહી. આપ તો સર્વથા સમર્થ સર્વોપરી છો, માટે આપ કંઈક દયા કરો તો સારું” ત્યારે શ્રી ઘનશ્યામ મહારાજે કહ્યું કે, “તમે કાલે જ ભુજ જઈને

મહંતસ્વામીને કહેવરાવો કે યજ્ઞ બંધ રાખે નહીં અને બધા જ ગામના હરિભક્તોને સુખેથી આમંત્રણ આપે. કથાના પ્રારંભથી પૂર્ણાહુતિ સુધી કોઈને કંઈપણ જોખમ થશે નહીં એવું રાજાને કહેવરાવજો તેમજ અમારી આજ્ઞાએ કરીને કાળને પણ તમે કહી દેજો કે ઉત્સવ દરમ્યાન ભુજની ચારેબાજુમાં પાંચ પાંચ કોશની સીમામાં તારે આવવું નહીં'' એમ કહીને મહારાજ અંતર્ધ્યાન થઈ ગયા. ધનબાઈ ફઈની પ્રસન્નતાનો પાર ન રહ્યો.

બીજે દિવસે ભુજ આવવા નીકળ્યાં. રસ્તામાં ખત્રીયાણી તળાવ પાસે અતીતની સાથે વાત કરે છે કે અહીંથી આગળ ન વધીશ. આજ્ઞા ન આપું ત્યાં સુધી અહીં જ રહેજે. શ્રીજી મહારાજની અલૌકિક શક્તિનો કેવો પ્રભાવ ! ધનબાઈ ફઈની કેવી અચળ આસ્થા ! કાળ તેમને વંદન કરીને અદૃશ્ય થઈ ગયો.

ભુજ આવીને ધનબાઈ ફઈએ મહંતસ્વામીને કહેવરાવ્યું કે તમે રાજાને કહો કે યજ્ઞ કરવાની રજા આપે અને તેમાં માંડવીના હરિભક્તોને આવવાની પણ અનુમતિ આપે. યજ્ઞના દસ દિવસ પર્યંત કોઈને કશું પણ થશે નહીં, અને કોઈ જોખમ રહેશે નહીં.

ધનબાઈ ફઈનો સંદેશો મળતાં મહંત સ્વામી તથા મૂળીના સ્વામી હરિનારાયણદાસજીએ રાજાના કારભારીને બોલાવ્યા. તેઓ સત્સંગી હોઈ એમને યજ્ઞની મંજૂરી મેળવવા રાજા પાસે મોકલ્યા. કારભીએ રાજાને સર્વે વૃતાંત કહી સંભળાવ્યું. આ વાત સાંભળીને રાજાએ કહ્યું કે જો ઉત્સવ વચ્ચે કોઈપણ જોખમ થશે તો હું તારાં ઘરબાર અને તમામ મિલકત છીનવી લઈશ અને તને દેશપાર કરીશ અથવા કેદમાં નાખીશ. બોલ તને મંજૂર છે ? જો મંજૂર હોય તો તેનો લેખ લખી આપ. રાજાની વાત સાંભળી કારભારીના મનમાં ભય લાગ્યો. મંદિરે પાછા ફરીને મહંત સ્વામીને તથા ધનબાઈ ફઈને વાત કરી. ત્યારે ફઈએ કહ્યું તમે નચિંત રહો. શ્રીજી મહારાજ મને દિવ્ય દર્શન આપીને કહી ગયા છે કે ઉત્સવ દરમ્યાન કોઈને કશી હાનિ નહીં પહોંચે અને કાળને પણ હું શ્રીજી મહારાજની આજ્ઞા સંભળાવીશ એટલે ભુજની ચારેબાજુ પાંચ પાંચ કોશની સીમની અંદર કાળ નહીં આવે. માટે તમે સંકોચ રાખ્યા વિના બેધડક રાજાને લેખ લખી આપો. તેઓ રાજા પાસે જઈને બધી વાત કરી એટલે રાજાએ રજા આપી.

પછી તો શ્રી રાધાકૃષ્ણદેવ અને (નાના) શ્રી ઘનશ્યામ મહારાજનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ અતિ ઉમંગભેર ધામધૂમથી ઉજવાયો, માંડવીના હરિભક્તો પણ મહોત્સવમાં આવ્યા. ચૈત્ર વદી સાતમના દિવસે ધર્મધુરંધર પ.પૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી વાસુદેવ પ્રસાદજીના વરદ્ હસ્તે શ્રી રાધાકૃષ્ણદેવ અને શ્રી નાના ઘનશ્યામ મહારાજ પ્રાણપ્રતિષ્ઠા થઈ. આખાયે કચ્છના હરિભક્તો ભુજ આવ્યા અને સુખરૂપ પોતાના ગામ પરત પણ પહોંચી ગયા.

ઉત્સવ પછી ધનબાઈ ફઈ રામપર પરત ફરવા રવાના થયાં ત્યારે માર્ગમાં ખત્રી તળાવ પાસે ગાડું ઊભું રખાવીને કાળને આજ્ઞા કરી કે, ''હે કાળ ! હવે હું તને શ્રીજી મહારાજની આજ્ઞાથી રજા આપું છું કે હવે તારે તારું જે કામ કરવું હોય તે સુખે થી કર'' સાથેના સાંખ્યયોગી બાઈઓને આશ્ચર્ય થયું, તેમણે પૂછ્યું, ''હે બા ! તમે કોની સાથે વાત કરો છો ? અહીં તો કોઈપણ નથી'' ત્યારે ધનબાઈ ફઈએ બધી વાત કહી સંભળાવી અને કહ્યું કે મેં કાળને અહીં શ્રીજી મહારાજની આજ્ઞાથી બેસાડી રાખ્યો હતો, હવે મૂર્તિ પ્રતિષ્ઠા થઈ ગઈ તેથી શ્રીજી મહારાજની આજ્ઞા મુજબ તેને મુક્ત કર્યો.

ભક્તો ! આપણે કચ્છના સત્સંગીઓ કેવા ભાગ્યશાળી છીએ કે જેનામાં ન દંભ હોય કે ન અભિમાન, ન લોભ હોય કે ન તૃષ્ણા, ન સ્વાર્થ હોય કે ન માયા, ન વિકાર હોય કે ન વિકૃતિ, જેનામાં લેશ માત્ર પણ ક્રોધ ન હોય અને જે સ્વભાવે પ્રશાંત હોય માત્ર દરેક ઉપર કરૂણા વરસાવે, હિત કરે અને જેના જીવનનું કેન્દ્ર શ્રી સ્વામિનારાયણ ભગવાન હોય અને જે સંપૂર્ણપણે શ્રીજી મહારાજને સમર્પિત થયેલા હોય તેવા સંતો અને સાંખ્યયોગી બહેનો આપણને મળ્યા છે ! કોટિ કોટિ વંદન છે આવા સંતોને અને ધનબાઈ ફઈને શ્રી રાધાકૃષ્ણદેવ શતાબ્દિ મહોત્સવના શુભ અવસરે. જય શ્રી સ્વામિનારાયણ !

# સંસ્થા સમાચાર

## શ્રી સ્વામિનારાયણ મંદિર-ભુજ : વિવિધ ઉત્સવો

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી આદિ વડીલ સંતોના માર્ગદર્શન સાથે કોઠારી મંડળે કરેલી વ્યવસ્થા અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

### :: પંચાહ્ન કથા પારાયણ ::

તા. ૨૨-૨-૧૧ થી તા. ૨૬-૨-૧૧ સુધી પાંચ દિવસ સ.ગુ. સ્વામી શતાનંદમુનિ રચિત ''સત્સંગિ-જીવન'' શાસ્ત્રની કથાનું આયોજન કરવામાં આવ્યું.

કથાના યજમાનપદે ગામ સુખપરના ગં.સ્વ. અમરબાઈ રત્ના ગોરસીયા રહ્યા. કથાના વક્તા સ્વામી દેવવિહારીદાસજીએ વ્યાસગાદી પર બિરાજમાન થઈ શ્રોતા હરિભક્તોને સરળ ભાષામાં કથાના મંગલકારી અમૃતરસનું પાન કરાવ્યું. વક્તા સ્વામીજીએ અનુરૂપ દૃષ્ટાંત તથા કીર્તન પંક્તિઓના મધુર ગાન સાથે પોતાના વક્તવ્યને રસમય બનાવી શ્રોતાવર્ગને આનંદ આપ્યો.

તા. ૨૬-૨-૧૧ કથા સમાપ્તિ પ્રસંગે યજમાન બહેનના પારિવારિક ભાઈઓએ આરતી ઉતારી અને સ.ગુ. સ્વામી સનાતનદાસજીને હસ્તે પહેરામણી ભેટ દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું. સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. ઉપકોઠારી સ્વામી ધર્મજીવન દાસજી પ્રસ્તુત કાર્યવાહીમાં સહયોગી રહ્યા હતા. પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો હતો.

### :: ભુજથી મુક્તિધામ પદયાત્રા ::

શ્રીજી મહારાજે નીલકંઠવર્ણીએ જે તીર્થધામમાં તપોમય આરાધના કરીને સૂર્યદેવને પ્રસન્ન કર્યા હતા અને સૂર્યદેવે પ્રત્યક્ષ ઉપસ્થિત થઈ દર્શન આપ્યાં હતાં તેવા નેપાળમાં આવેલ મુક્તિધામ તીર્થની પદયાત્રાએ ભુજ મંદિરના સંતો તથા રામપર (વેકરા) ના હરિભક્તોએ તા. ૨૮-૨-૧૧ ના સવારે પ્રસ્થાન કર્યું.

પદયાત્રાએ પ્રયાણ કરનાર સંતો (૧) સ્વામી નીલકંઠસ્વરૂપદાસજી (તબલાં માસ્ટર) (૨) સ્વામી ઘનશ્યામપ્રિયદાસજી તથા રામપર (વેકરા) ના યુવાન હરિભક્તો (૧) નીતિન મુરજી કેરાઈ (૨) ભાવેશ વીરજી કેરાઈ (૩) નારાણ લાલજી કેરાઈ અને (૪) પ્રવીણ લક્ષ્મણ કેરાઈ વિગેરે હરિભક્તો રહ્યા હતા.

આ પ્રસંગે સવારે મંગળા આરતી પછી કોડી વિભાગમાં શ્રી નરનારાયણદેવ આદિ દેવો સમક્ષ સંતોની સભાનું આયોજન કરવામાં આવ્યું અને દર્શન માટે ઉપસ્થિત હરિભક્ત ભાઈ બહેનોને પદયાત્રાની વિગતો સમજાવી હતી. સ.ગુ. મહંત સ્વામી પુ. ધર્મનંદનદાસજી તથા વડીલ સંતોએ સાહસભરી યાત્રાના જયપુર, ગોકુળ, મથુરા, અયોધ્યા, છપૈયા, ગોરખપુર, પોખરા માર્ગે ૩૦૦૦ ફૂટની ઊંચાઈએ આવેલા મુક્તિધામ સુધીની ૨૫૦૦ કી.મી.ની લાંબી પદયાત્રાએ જનાર પદયાત્રિકોને આશીર્વાદ આપ્યા હતા.

શણગાર આરતી પછી પદયાત્રિકોનું સન્માન કરતાં પૂ. મહંત સ્વામી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશ દાસજી, પૂ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોએ શુભેચ્છા પ્રતિકરૂપે ફૂલમાળાઓ પહેરાવી હતી. વિશાળ સંખ્યામાં સંતો, સાં.યો. બહેનો, હરિભક્ત ભાઈ-બહેનો તથા અગ્રણી કાર્યકર્તાઓની હાજરી વચ્ચે બેન્ડ અને ઢોલ શરણાઈની સૂરાવલિઓ સાથે વાતાવરણ આનંદભીનું બની ગયું. જેનું પ્રતિબિંબ હર્ષઘેલા બની નાચી ઊઠેલા

હરિભક્તોના નૃત્યમાં પ્રગટ થતું હતું.

રથમાં બિરાજમાન ઠાકોરજીની સવારી સાથે યાત્રિકોએ પ્રયાણ કરતાં સંતો, સાં.યો. બહેનો, સંખ્યાબંધ શુભેચ્છકો, હરિભક્ત ભાઈ-બહેનો તેમને વળાવવા સાથે ગયા હતા અને સમગ્ર દૃશ્ય ભવ્ય શોભાયાત્રા સમાન બની ગયું હતું. વળાવવા આવેલ સૌએ યાત્રિકોને અંતરના આનંદથી ભરપુર શુભેચ્છા આપી હતી.

### :: પંચાહ્ન પારાયણ ::

તા. ૧૦-૩-૧૧ થી તા. ૧૪-૩-૧૧ સુધી પાંચ દિવસ દરમ્યાન સ.ગુ. બ્રહ્મચારી સ્વામી વાસુદેવાનંદજીએ રચેલ 'સત્સંગિભૂષણ'ની કથાનું આયોજન કરવામાં આવ્યું.

કથાના યજમાનપદે અ.નિ. વાલજીભાઈ હરજી પાધરા તથા અ.નિ. કેસરબાઈ વાલજી પાધરા હ. વિશ્રામભાઈ વાલજી પાધરા ગામ સુખપરવાળા રહ્યા હતા.

પુ. સ્વામી પરબ્રહ્મજીવનદાસજીએ વ્યાસગાદી પર બિરાજમાન થઈ સુગ્રાહ્ય સરળ ભાષામાં કથાના અમૃતરસનું પાન કરાવી શ્રોતા સમુદાયને રાજી કર્યા. દૃષ્ટાંતો તથા કીર્તનોનો સુમેળ રાખી કથા વસ્તુના પ્રસંગોને રંજક બનાવ્યા.

કથા સમાપ્તિ પ્રસંગે મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીએ ઉદ્‌બોધન દ્વારા કથાના મહત્ત્વ સાથે ભગવાનનાં લીલાચરિત્રોમાં શંકા વગર દૃઢ રાખવાની ચર્ચા કરી, ભક્તરાજ દાદા ખાચરની નિષ્ઠાનો પ્રસંગ સમજાવ્યો.

મંદિર તરફથી યજમાનને પહેરામણી ભેટ અપાઈ તથા યજમાન તરફથી સંબંધીજનોને પહેરામણી ભેટ આપવામાં આવી. આ પ્રસંગે સ્વામી નીલકંઠમુનિ દાસજી સેવા સહયોગમાં સામેલ રહ્યા હતા.

આરતી, પૂજન તથા પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો હતો.

### :: ગૌશાળાનું ઉદ્‌ઘાટન ::

'લેરવાડી' તરીકે જાણીતા સહજાનંદ બાગ ખાતે તા. ૧૧-૩-૧૧, શુક્રવારના રોજ પ.પૂ. મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીને હસ્તે ગીરી ગાયોની ગૌશાળાનું ઉદ્‌ઘાટન કરી અ.નિ. મહંતસ્વામી હરિસ્વરૂપ દાસજીના સહજાનંદ બાગ અને ગીરી ગૌશાળાના સ્વપ્રને સફળ કર્યું હતું. આ સાથે ગૌ મંદિરનું નિર્માણ પણ કરવામાં આવ્યું છે. આ ગૌશાળામાં ભગવાન શ્રી સ્વામિનારાયણે જે ગાયોનું દૂધ પીધું હતું તે ગાયોની વંશજ ગાયોને રાખવામાં આવી છે અને એ ગાયોનું દૂધ ભગવાનના થાળ માટે દૂધપાક, દહીં તથા પંચામૃત બનાવવામાં ઉપયોગમાં લેવાશે. પંચગવ્ય માટે પણ ઉપયોગમાં લેવાશે.

આ પ્રસંગે સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પુ. સ્વામી કેશવપ્રસાદદાસજી કોઠારી, પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતો, સાંખ્યોયોગી બહેનો, મંદિરના કોઠારી, ટ્રસ્ટીશ્રીઓ વગેરે હોદ્દેદારો, અંજાર તથા માંડવી મંદિરના તેમજ ગુરુકુળોના સંતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગૌશાળાના મુખ્ય યજમાન મિરજાપુર નિવાસી હાલે યુગાન્ડામાં વસતા પરબતભાઈ ભીમજી શીયાણી પરિવાર તથા ગૌશાળા વાસ્તુપૂજનના યજમાન વિશ્રામભાઈ કાનજી પિંડોરીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. હરિભક્તો તથા સાંખ્યયોગી બહેનોએ પણ ગૌશાળામાં પોતાની સેવા નોંધાવી હતી.

શ્રી સ્વામિનારાયણ મંદિર આ વર્ષમાં તા. ૧૮-૪-૨૦૧૧ થી તા. ૨૪-૪-૨૦૧૧ દરમ્યાન શ્રી રાધાકૃષ્ણદેવ શતાબ્દિ મહોત્સવ ઉજવનાર છે તેના ઉપલક્ષ્યમાં ગૌશાળા ઉદ્‌ઘાટનનું આયોજન કરવામાં આવ્યું અને યજમાન પ.હ.ભ. પરબતભાઈ, પિતા ભીમજીભાઈ તેમજ પ.પૂ. મહંતસ્વામી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, વાડીનો કાર્યભાર સંભાળતા ગૌભક્ત, ગૌપ્રેમી

સંત સ્વામી જગજીવનદાસજી વગેરે સંતો દ્વારા ગૌશાળાની ''શ્રી રાધાકૃષ્ણદેવ શતાબ્દિ મહોત્સવ ગૌશાળા'' નામકરણવિધિ ખુલ્લી મૂકવામાં આવી હતી. આ પ્રસંગમાં ગૌકથાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગૌકથા, પ્રસિદ્ધ કથાકાર શા. સ્વામી કૃષ્ણસ્વરૂપ દાસજીએ કરી હતી.

સ.ગુ. સ્વામીએ ગૌશાળાની ગીરી ગાયોનું મહત્ત્વ સમજાવ્યું તે પછી પ.પૂ. મહંતસ્વામીએ યજમાનશ્રીઓને રૂડા આશીર્વાદ આપી સર્વે ભક્તજનોને પોતાના પરિવાર માટે ગાય પાળવા ખાસ સૂચન કર્યું હતું. આ સાથે ઉત્સાહ અને આનંદભર્યો કાર્યક્રમ સમાપ્ત થયો હતો.

**:: મહામંત્રલેખનવાહીઓ સંગ્રહાલયમાં સ્થાપન ::**

શ્રી નરનારાયણદેવના મહામહોત્સવ (સં. ૨૦૬૬, વૈશાખ સુદ ૫) નિમિત્તે આપણાં સંપ્રદાયના સંતો, સાં.યો. બહેનો, દેશપરદેશના હરિભક્ત ભાઈ-બહેનો, ઉપરાંત અલગ સંપ્રદાયના હિન્દુ, મુસ્લીમ બિરાદરોએ લખેલી ''સ્વામિનારાયણ'' નામની લેખનવહીઓ મંદિરની આગળના પગથિયાંથી પૂર્વભાગમાં બનાવેલા ૯૯૯ ઘનફૂટ જેવડા વિશાળ ભંડારમાં સ્થાપિત કરવામાં આવી.

આ પહેલાં સવારે પ.પૂ.સ.ગુ. મહંત પુ. સ્વામીએ લેખનવહીઓનું વિધિપૂર્વક પૂજન કર્યું હતું. જેનો દર્શનલાભ સંતો, સાં.યો. બહેનો તથા હરિભક્ત ભાઈ-બહેનોએ લીધો હતો. ત્યારપછી કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, ભુજના યુવાનોએ શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી તથા વાઘજીભાઈ પટેલ (સુખપર) ની દેખરેખ સાથે લેખનવહીઓને ભંડારમાં વ્યવસ્થિત રીતે સ્થાપિત કરી હતી.

લેખનવહીના ભંડારની ઉપર ઓટો બનાવીને શ્રીહરિનાં ચરણારવિંદ પધરાવવામાં આવશે. આ સંગ્રહમાં નાનીમોટી મળીને ૮૭૮૦૬ લેખનવહીઓ આવેલી છે. જેમાં લખાયેલા મહામંત્રોની સંખ્યા ૩,૨૦,૬૨,૯૪,૪૦૦ ત્રણ અબજ, વીસ કરોડ, બાસઠ લાખ, ચોરાણુ હજાર, ચારસોની છે. સૌથી વધુ લેખનવહીઓ (૩૨૫) માનકુવાનાં સાં.યો. રાધાબેન ગોપાલ વરસાણીએ લખી છે.

**:: એક દિવસની કથા પારાયણ ::**

તા. ૧૫-૩-૧૧ ના દિવસે સ.ગુ. સ્વામી મુક્તાનંદસ્વામીએ રચેલ મુક્તાનંદ કાવ્યમ્ અંતર્ગત 'નારાયણ ગીતા' ની કથાનું એક દિવસનું કથા પારાયણ યોજાયું. યજમાનપદે ગામ નારાણપર (ની.વા.) નિવાસી પ.હ.ભ. કરસન માવજી કેરાઈ હ. માવજી વિશ્રામ કેરાઈ રહ્યા હતા.

કથાના વક્તા પુ. સ્વામી પરબ્રહ્મજીવન દાસજીએ સ.ગુ. સ્વામી મુક્તાનંદજીની કથાનું મુક્તમને શ્રોતા હરિભક્તોને રસપાન કરાવ્યું. સત્સંગિજીવન પ્ર. ૨, અ.૭ ના ભાષાનુવાદરૂપ આ કથા શ્રીહરિએ સ્વમુખે નિજાશ્રિતોને કરેલી છે.

કથા સમાપ્તિ પ્રસંગે પહેરામણી ભેટ, પોથીપૂજન યજમાનો દ્વારા આરતી અને પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો હતો.

**:: ત્રિદિનાત્મક કથા પારાયણ ::**

કચ્છ પ્રદેશનાં સાં.યો. મહંત સામબાઈ અરજણ હીરાણીના પિતાશ્રી પ.ભ. અ.નિ. અરજણ રામજી હીરાણી તથા માતુશ્રી હીરબાઈના યજમાનપદે હ. સુપુત્ર કલ્યાણ અરજણ તથા ધનજી અરજણ તરફથી ત્રણ દિવસની કથાપારાયણનું આયોજન કરવામાં આવ્યું.

તા. ૧૭-૩-૨૦૧૧ થી તા. ૧૯-૩-૨૦૧૧ સુધીની ત્રણ દિવસની આ કથા પારાયણમાં પુ. સ્વામી પરબ્રહ્મજીવનદાસજીએ 'પુરુષોત્તમ લીલામૃત સુખસાગર (કચ્છ લીલા)' ની કથાનું શ્રોતા

હરિભક્તોને રસપાન કરાવ્યું. સ્વામીશ્રીએ ભગવાન સ્વામિનારાયણે કચ્છમાં કરેલ વિચરણ, ધર્મોપદેશ, લીલાપ્રસંગો, અદ્‌ભૂત ચમત્કારો વગેરેનું દૃષ્ટાંતો અને કીર્તનો સાથે આબેહુબ દર્શન કરાવતી સરળ શૈલીભરી કથાનું શ્રવણ કરાવી, હરિભક્તોને શ્રીજી મહારાજનાં સ્મરણોના અમૃતસાગરમાં તલ્લીન કર્યા.

કથા પ્રસંગમાં સુખપર, મદનપુર, નરનારાયણનગર તથા મીરજાપરનાં સાં.યો. બહેનોને નિયંત્રિત કરવામાં આવ્યા હતાં.

કથા સમાપ્તિના અવસરે મંદિર તરફથી પ.પૂ. મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજીને હસ્તે યજમાન પરિવારને પહેરામણી સાથે ફૂલમાળાથી સન્માનિત કરવામાં આવ્યા. પ.પૂ. મહંત સ્વામીએ કથાનું માહાત્મ્ય સમજાવી જણાવ્યું કે કથા અંતઃકરણમાં ઉતારવામાં આવે તો ફળદાયી બને.

સ્વામી નીલકંઠમુનિદાસજી સેવાકાર્યમાં સહયોગી રહ્યા હતા.

પોથીપૂજન, વક્તા સ્વામીશ્રીનું પૂજન, યજમાનો દ્વારા આરતી અને પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો હતો.

**:: ત્રિદિનાત્મક કથા પારાયણ ::**

તા. ૨૧-૩-૧૧ થી ૨૩-૩-૧૧ સુધી ત્રણ દિવસની કથા પારાયણ રાખવામાં આવી. કથાના યજમાનપદે ગામ સામત્રાનાં અ.નિ. કેશરબાઈ કરસન વરસાણી હ. કરસનભાઈ કલ્યાણ વરસાણી રહ્યા.

કથાના વક્તા પુ. સ્વામી પરબ્રહ્મજીવન દાસજી તથા સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ વ્યાસગાદી પર બિરાજી સ.ગુ. સ્વામી નિષ્કુળાનંદમુનિએ રચેલ ભક્તચિંતામણી શાસ્ત્ર અંતર્ગત ‘પરચા પ્રકરણ’ની કથાનું શ્રવણ કરાવ્યું, અને ભગવાને પરચાઓ દ્વારા હરિભક્તોનાં દુઃખોનું કરેલ નિવારણ, પ્રકૃતિ પરના વિજયથી મંત્રમુગ્ધ કરતા ચમત્કારો દર્શાવી પોતાના ઐશ્વર્યમય પ્રતાપના કરાવેલા અનુભવો વગેરેનું યથાર્થ સરળ ભાષાશૈલીમાં રસપાન કરાવી શ્રોતા હરિભક્તોને આનંદમુગ્ધ કર્યા.

કથા સમાપ્તિ પ્રસંગે પુ. સ્વામી કેશવજીવન દાસજીએ યજમાન પરિવારનો પરિચય કરાવ્યો. તે પછી પ.પૂ.સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદન દાસજીએ ઉદ્‌બોધન સાથે યજમાનોનું ફૂલહાર કંઠીથી તથા પહેરામણી ભેટ આપી સન્માન કર્યું. સ્વામી નીલકંઠમુનિદાસજી સેવાકાર્યમાં જોડાયા હતા. યજમાન પરિવાર દ્વારા કથા સમાપ્તિની આરતી તથા પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો હતો.

## :: ચમક ઝમક ::

❖ તા. ૬-૩-૧૧, રવિવારે, સાંજના ૪ થી ૬ ના સમયમાં શ્રી હરિકૃષ્ણ મહારાજના પાટોત્સવ નિમિત્તે ઠાકોરજીના તુલસી પૂજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો. પ.પૂ. મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ જનમંગલ સ્તોત્રનાં શ્રીહરિનાં ૧૦૦૦ નામો વડે વિધિપૂર્વક પૂજન સાથે ભગવાનને તુલસીપત્ર ચડાવ્યાં. આ સાથે રાખવામાં આવેલ મહાઆરતીનો કાર્યક્રમ દર્શનીય બન્યો. વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોએ દર્શનનો લાભ લીધો.

❖ ફાગણી તહેવારોના પ્રસંગમાં ભગવાને ફાગણ શુક્લ એકાદશીથી શુક્લ પૂનમ સુધીના દિવસોમાં કેશરીયા વાઘા ધારણ કર્યા. કેસૂડાંની ફૂલમાળા ધારણ કરી. ગુલાલની ઝોળી અને સુવર્ણની પિચકારી સાથે દર્શન આપ્યાં. ભક્તજનોને ફગવાનો પ્રસાદ આપ્યો.

❖ ફાગણ વદ ૧ ના ઉ.ફા. નક્ષત્રના યોગ પ્રમાણે નરનારાયણદેવ જયંતી મહોત્સવ મનાવવામાં આવ્યો. ભગવાનને રંગબેરંગી અનેકવિધ પુષ્પોથી રચેલા પુષ્પદોલમાં ઝૂલાવી ભક્તિભાવનો આનંદ માણ્યો.

- અહેવાલ : ઓ. વ્યાસ

# સત્સંગ સમાચાર

## સંસ્કૃત પાઠશાળા-સુખપર : નૂતન વિદ્યાલયનું ભૂમિપૂજન

સંસ્કાર અને સંસ્કૃતિનું સિંચન કરતી શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળા, સુખપર, ભુજ-કચ્છમાં નૂતન સ્કૂલના નિર્માણનું ભૂમિપૂજન યોજવામાં આવ્યું હતું. અ.નિ. પૂર્વ મહંતશ્રી હરિસ્વરૂપદાસજીની પ્રેરણાથી અને સહયોગથી વંદનીય એવા શ્રી ગુલાબશંકર અમરજી ગોર (ગુલાબ અદા) ના સાંનિધ્યમાં શરૂ થયેલી આ પાઠશાળામાં વિદ્યાર્થીઓ ભૂકંપ બાદ ટૂંકા ગાળા માટે બનાવેલી ફાઈબર દ્વારા બનેલી સ્કૂલમાં અભ્યાસ કરતા હતા. જેના સ્થાને પરિપક્વ ભૂકંપપ્રુફ વિશાળ વિદ્યાલય ભવન બનાવવાનું આયોજન થઈ રહ્યું છે. તેના સંદર્ભે તા. ૧૦-૩-૨૦૧૧, ગુરુવારના રોજે પ્રાતઃકાળે યજમાનો અને ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરેથી પ.પૂ. સ્વામી કેશવપ્રસાદદાસજી, શા. સ્વામી લક્ષ્મણજીવનદાસજી આદિ સંતો અને ગુલાબઅદાની હાજરીમાં પાઠશાળાના આચાર્ય શ્રી દુર્ગેશભાઈ ભટ્ટ અને અન્ય સ્ટાફ કર્મચારીઓએ ભૂમિપૂજનની વિધિ સંપન્ન કરાવી હતી.

આ કાર્યક્રમમાં પધારેલ સંતો અને યજમાનોનું સત્કાર કરાયું અને સંતો દ્વારા આશીર્વાદ પણ આપવામાં આવ્યા હતા. તે દરમ્યાન પ.પુ. સ્વામી કેશવપ્રસાદદાસજીએ કહ્યું કે ભગવાન શ્રી સ્વામિનારાયણને પ્રસન્ન રાખવા માટે બ્રાહ્મણોને પ્રસન્ન રાખવા જરૂરી છે. બ્રાહ્મણો પ્રસન્ન હશે તો ભગવાન આપોઆપ રાજી થશે. પાઠશાળાના વિષયમાં કહેતા એમણે શિક્ષાપત્રીની એક વાત કરી હતી કે શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં કહ્યું છે કે, ''પ્રવર્તનીયા હિ સદ્વિદ્યા'' સદ્વિદ્યાનો હંમશા પ્રચાર-પ્રસાર કરવો જોઈએ. માટે પાઠશાળાને યોગ્યતા અનુસાર સહયોગ આપવા માટે અપીલ કરી હતી.

સંસ્થાના અધ્યક્ષ શ્રી ગુલાબઅદાએ પણ યજમાનો અને વિદ્યાર્થીઓને એકાગ્રતાથી ભક્તિ અને અભ્યાસ કરવાના આશીર્વાદ આપ્યા હતા. પધારેલ સંતોના હસ્તે ભૂમિપૂજન થયા બાદ યજમાનો પૈકી શીવજી રત્ના પાધરા, કાંતિભાઈ, ભીખાલાલભાઈ શીયાણી, ઉમેશભાઈ કેરાઈ, રામજીભાઈ દેવજી વેકરીયા, પરબતભાઈ શીયાણી, કુંવરજીભાઈ દેવરાજ વેકરીયા, હીરજીભાઈ વાઘજીયાણી, ભીમજીભાઈ (બાપા), લાલજીભાઈ અને લક્ષ્મીકાંતભાઈ ઉપાધ્યાય આદિ યજમાનોએ પાઠશાળા ભવનના એક-એક રૂમના દાતા બની સંતો પાસેથી આશીર્વાદ અને બહુમાન મેળવ્યું હતું. કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ શ્રી શીવજીભાઈ પાધરા, મંત્રી શ્રી કરસનભાઈ તથા જનકભાઈ, પ્રેમજીભાઈ કાનજીભાઈ આદિ ટ્રસ્ટીઓએ હાજર રહી સહયોગ આપ્યો હતો. - અહેવાલ : આચાર્યશ્રી

## માધાપર : પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપા તથા ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી આદિ સંતોના રૂડા આશીર્વાદથી ગામ માધાપર શ્રી સ્વામિનારાયણના બન્ને મંદિરોમાં પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન તા. ૧૬-૨-૨૦૧૧, બુધવાર થી તા. ૨૦-૦૨-૨૦૧૧ ને રવિવાર સુધી રાખવામાં આવેલ. કથા પારાયણના યજમાનપદે પ.ભ. શ્રી કુંવરજીભાઈ રામજી કેરાઈ, ધ.પ. લાલબાઈ તરફથી એમના

મોક્ષાર્થે તથા શ્રીજી પ્રસન્નતાર્થે એમણે લાભ લીધો હતો.

આ કથા પારાયણના વક્તાપદે નવા-નવા અને નાના-નાના સંતોમાં હરિપ્રસાદદાસજી તથા દેવવિહારીદાસજી તથા શ્રીજીપ્રકાશદાસજી તથા ભક્તિનંદનદાસજી આદિ ચાર સંતોએ પોતાની સુમધુર વાણીથી ઈષ્ટદેવ શ્રી ઘનશ્યામ મહારાજના છપૈયા અને અયોધ્યા આદિનાં દિવ્ય મંગલ બાલચરિત્રોનું અમૃતરસ પાન કરાવી ભક્તજનોને રાજી કર્યા હતા. આ કથા પ્રસંગે મંડળના વડીલ સંત સ.ગુ.પુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી તથા પુ. સ્વામી કેશવપ્રિયદાસજી આદિ સંતમંડળના પૂર્ણ સહકાર સાથે કથાના પાંચ દિવસ મંગલપ્રસંગો ભાવથી ઉજવવામાં આવેલ.

કથાના પહેલા, ત્રીજા અને ચોથા દિવસે વડીલ સંતોમાં સ.ગુ.પુ. સ્વામી ધર્મપ્રસાદદાસજી મંડળના મહંત તથા સ.ગુ. સ્વામી પ્રભુચરણદાસજી તથા સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજી તથા સ્વામી નીલકંઠમુનિદાસજી તથા સ્વામી ઘનશ્યામપ્રકાશ દાસજી આદિ પધાર્યા હતા અને કથા પ્રસંગે યજમાનશ્રી તથા ગામના હરિભક્તોને દર્શનનો તથા આશીર્વચનનો લાભ આપી રાજી કર્યા હતા.

આ કથા પ્રસંગે ત્રીજા દિવસે સંતોની પધરામણી યજમાનશ્રીના ઘરે કરવામાં આવેલ તથા તે દિવસે જમણવાર હોવાથી સંતો ઠાકોરજીને થાળ જમાડવા માટે પટેલવાડી (સમાજમાં) પધાર્યા હતા ને સાંજે સર્વ ભક્તોને ભોજનપ્રસાદનું આયોજન પણ યજમાનશ્રી તરફથી રાખેલ હતું તથા કથાના ચોથા દિવસે યજમાનશ્રી તરફથી બન્ને મંદિરમાં રાસોત્સવનું પણ આયોજન રાખેલ હતું.

સમાપ્તિના દિવસે બહેનોના મંદિરમાંથી વાજતે-ગાજતે છાબની ભેટ લઈ આવવામાં આવેલ અને વડીલસંતોએ યજમાન પરિવારને તથા ગામના સર્વે ભક્તોને રૂડા આશીર્વાદ આપી રાજી કરેલ. છેલ્લે યજમાનશ્રીને ભુજ તથા માધાપર મંદિર તરફથી કથા પ્રસંગે પહેરામણી આપી સત્કાર કરવામાં આવેલ. ઉત્થાનવિધિ પૂજનવિધિ બાદ સમાપ્તિની આરતી કરી કીર્તન ધુન્ય સાથે ઉત્સવ પારાયણની સમાપ્તિ પૂર્ણ કરવામાં આવેલા.

- અહેવાલ : અરજણભાઈ (મંત્રી)

## ચીખલી : સંતોની પધરામણી

અનેક તીર્થો ને ચારધામની યાત્રા કરતા-કરતા યાત્રાવાસી ભુજનગરના સંતો પુ. સ્વામી શાન્તિપ્રિયદાસજી, શા. સ્વામી વિશ્વવલ્લભદાસજી, સ્વામી અદ્‌ભૂતચરણદાસજી, સ્વામી ઘનશ્યામ-વિહારીદાસજી, સંગીતકાર સ્વામી શ્રીજીનંદન દાસજી, સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી, સ્વામી દિવ્યમુનિદાસજી અને સચીન ભગત તથા ભરત ભગત સાથે વ્હાલા સેવામાં રહેલ હરિભક્તો તા. ૮-૨-૨૦૧૧, વસંતપંચમીના બપોર પછી ૪:૦૦ કલાકે ચીખલી (ખુંધ) મુકામે પધાર્યા હતા. તા. ૯-૨-૨૦૧૧ ના ચીખલીના દરેક હરિભક્તના મકાને તથા કારખાનામાં સંતોએ પધરામણી કરી. રાત્રીના જાહેરસભાનો લાભ આપી ભગવાનના કીર્તન-ભક્તિ તથા કથા-વાર્તાનો લાભ આપ્યો. તા. ૧૦-૨-૨૦૧૧ ના સવારમાં ૬:૦૦ કલાકે સમૂહ મહાપૂજામાં જોડાયા. ત્યાં અન્નકૂટનો પ્રસાદ લઈ સર્વે ભક્તો છૂટા પડ્યા. સાંજે ૮:૦૦ કલાકે સભામાં કથા-વાર્તા કરી ત્યારપછી તા. ૧૦-૨-૨૦૧૧ ના રોજ સાંજે ૬ થી ૧૦ રાત્રિ શાકોત્સવ તથા રાસઉત્સવ માણ્યો. ત્યાં બાજુના ગામ વલસાડ, રૂમલા તથા ડીન્ડીગલથી હરિભક્તો મહેમાન તરીકે પધારેલ. ધામધૂમથી ઉત્સવ માણ્યો. દરેક હરિભક્તો ખૂબ રાજી થયા. સવારના ૬:૦૦ કલાકે સંતો ચીખલીથી વિદાય લીધી અને પાલઘર જવા રવાના થયા.

- અહેવાલ : શામજીભાઈ એમ. પોકાર (ચીખલી)

## શ્રી સ્વામિ. વિશ્રાંતિ ભુવન : વિલેપાર્લે શિક્ષાપત્રી જયંતિ

શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન - વિલેપાર્લે-મુંબઈમાં ૧૮૫ મો શિક્ષાપત્રી જયંતી ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. ઋતુ પ્રમાણે ઉજવાતો આ વસંતોત્સવ છે. તે દિવસે જ સ્વામિનારાયણ ભગવાને પોતાને હાથે શિક્ષાપત્રી લખી છે. એને આજે ૧૮૫ વર્ષ પૂરાં થાય છે. તે નિમિત્તે તા. ૮-૨-૨૦૧૧ ના સવારના ૭:૩૦ વાગ્યે વસંત ઉત્સવના યજમાન ગામ કંથકોટના કાન્તાબેન નરસિંહભાઈ કરમશી ઢાઢી, પુત્ર વિનોદ અને અંકિત તથા રાજીબેન અંબાલાલ પુંજાભાઈ ખાંભલા, પુત્ર અસિક વગેરે રહ્યા હતા. શિક્ષાપત્રીના ૨૧૨ શ્લોકોનું અને જનમંગલ નામાવલિના ૧૦૮ નામનું ચોખા, ફુલ, તુલસીપત્ર વગેરેથી પૂજન શા. સ્વામી ઘનશ્યામસેવક દાસજીએ કરાવ્યું હતું. ઠાકોરજીને થાળ ધરીને આરતી, પ્રાર્થના, સ્તુતિ, પુષ્પાંજલિ અર્પીને કેસુડાનો રંગ ઉડાવવામાં આવ્યો હતો અને સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજીએ હરિભક્તોને શિક્ષાપત્રીનો મહિમા સમજાવ્યો હતો. અને છેલ્લે કીર્તન ધુન કર્યા પછી પુ. સ્વામી ઘનશ્યામવલ્લભદાસજીએ સર્વે હરિભક્તોને ધાણી, ખજુર, દ્રાક્ષ, પતાસા અને મોહનથાળના પ્રસાદ સાથે વસંતઉત્સવની સમાપ્તિ કરી હતી.

- અહેવાલ : સ્વામી ઘનશ્યામસેવકદાસજી

## રામપર-ગંગાજી : એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓનો માંડવીમાં સાંસ્કૃતિક કાર્યક્રમ

શ્રી હરિ તપોવન ગુરુકુલ-ગંગાજી, રામપર-વેકરા દ્વારા સંચાલિત શ્રીહરિ વિદ્યામંદિરના એન.એસ.એસ. યુનિટના સ્વયંસેવક વિદ્યાર્થીઓ દ્વારા તા. ૨૬-૨-૧૧, શનિવારના રોજ માંડવી-કચ્છ મુકામે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન સફળ રીતે પૂર્ણ થયેલ.

પ્રોગ્રામ ઓફિસર શ્રી કે. આર. પટેલના આયોજનથી ઢળતા મધ્યાહ્ને એન.એસ.એસ. ની ટીમ 'ક્રાંતિતીર્થ'ના પ્રાંગણમાં જયઘોષ સાથે ઉતરી. વ્યવસ્થાપકોના સંપર્ક અને સહયોગથી તીર્થના દર્શન બાદ ભવ્યાતિભવ્ય મંચ પર વિદ્યાર્થીની કેટકેટલાય દિવસની મહેનતનું પ્રદર્શન થયું. જેમાં પ્રથમ ધો. ૧૧ ના વિદ્યાર્થી વારોત્રા રમેશ વેલજીભાઈએ મા. શ્રી સાંઈરામ દવે રચિત પ્રાર્થના ચિઠ્ઠી ''એક શિક્ષકની વેદના બાળકની કલમે'' નું એકપાત્રિય અભિનય કરી સૌ પ્રેક્ષકોની આંખ ચમકાવી દીધી હતી.

દ્વિતીય કૃતિની રજુઆતે સૌને કેટલાક સમય માટે જકડી લીધા હતા અને તે રજૂઆત હતી દેશભક્તિ નાટક ''ઓપરેશન વિજય'' ની ભારત અને પાકના યુધ્ધની ઝલક અને શહિદોના દેશ પ્રત્યે બલિદાન આપવાની ભાવના જેવા દશ્યોએ પ્રેક્ષકોને પ્રશંસા કરવા મજબૂર કરી દીધા હતા. ક્રાંતિતીર્થના મુખ્ય પ્રબંધક માન. શ્રી મહેશભાઈ તેમજ અન્ય પ્રબંધકગણ પણ પ્રશંસા કરતા થાક્યા નહોતા. સમગ્ર વાતાવરણમાં ભારત... ભારત.... નાદ જ ગુંજી રહ્યો.

એન.એસ.એસ. યુનિટના પ્રોગ્રામ ઓફિસર તેમજ સ્વયંસેવક વિદ્યાર્થીઓને ઉત્સાહ પુરો પાડવા સંસ્થાના સંચાલક શા. સ્વામી દેવચરણ દાસજી, પુ. સ્વામી ભક્તિવિહારીદાસજી તેમજ વિદ્યાલયના શિક્ષકમિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીહરિ વિદ્યામંદિરના નિયામક શ્રી નયનભાઈ ચાવડાએ ''ક્રાંતિતીર્થ'' ની સુંદર વ્યવસ્થા અને સહયોગનો આભાર માનતાં કરેલ. કાર્યક્રમને સફળ બનાવવા માટે સર્વ શિક્ષકમિત્રોએ આવશ્યકતાનુસાર જહેમત ઉઠાવેલ.

- અહેવાલ : નયન ચાવડા

## શ્રી ઘનશ્યામ એકેડમી-નારાણપર વાર્ષિકોત્સવ

નારાણપર શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સંચાલિત શ્રી ઘનશ્યામ એકેડમી અંગ્રેજી માધ્યમ શાળામાં વાર્ષિક ઉત્સવ 'ગુંજન' કાર્યક્રમ યોજાયો.

સૌ પ્રથમ ભુજ મંદિરથી પધારેલ વડીલ સંતો સ.ગુ. સ્વામી ધર્મવલ્લભદાસજી તથા સ.ગુ. સ્વામી પ્રભુચરણદાસજી તથા સંસ્થાના સંચાલક સંતો સ.ગુ. સ્વામી નારાયણવલ્લભદાસજી, પુ. સ્વામી ધર્મચરણ દાસજી, પુ. સ્વામી ઘનશ્યામકેશવદાસજી તથા સ્વામી દિવ્યપ્રકાશદાસજી તથા ટ્રસ્ટીશ્રીઓ અને શાળાના આચાર્યશ્રી દ્વારા દીપ પ્રાગટ્ય કરીને આ કાર્યક્રમને ભારતીય પરંપરા મુજબ ખુલ્લો મુકાયો. આમંત્રિત મહેમાનો તથા સંતોનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત શાળાના વિદ્યાર્થીઓએ કર્યું.

સમગ્ર વર્ષ દરમ્યાન શાળામાં ઉચ્ચ ગુણાંકન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને નવાજવામાં આવ્યા તથા શાળામાં રમત-ગમત અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં અવ્વલ રહેનાર વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓને પણ ઈનામોથી સન્માનિત કરાયા.

શાળાના આચાર્યશ્રી જીતેન્દ્રભાઈ ખેમચંદે સૌને હૃદયપૂર્વક આવકાર આપ્યો અને શાળાની વાર્ષિક ગતિવિધિઓથી સૌને અવગત કર્યા.

ત્યારબાદ શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરાયો. જેમાં પ્રાર્થના, લોકગીત, ડાન્સ, રાજસ્થાની નૃત્ય, કાશ્મીરી નૃત્ય, દેશભક્તિને ઉજાગર કરતું નાટ્યરૂપક તેમજ કચ્છની ભાતીગળ સંસ્કૃતિને તાજી કરતા કચ્છી ગરબાઓ રજૂ કરીને પ્રેક્ષકોના દિલ જીતી લીધા. ત્યારે સર્વે પ્રેક્ષકોએ પણ તાળીના ગડગડાટથી વધાવીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા.

અંતમાં "શિક્ષણ એ અત્યાધુનિક જમાનાનો પાયો છે તેમાંપણ આધુનિક વિશ્વમાં આગળ પડતું સ્થાન ધરાવવા માટે અંગ્રેજી શિક્ષણ ખૂબ જ જરૂરી છે" તેવું જણાવતાં પુ. સ્વામી ધર્મચરણદાસજીએ વિદ્યાર્થીઓ તથા શાળા પરિવારને ખૂબ રૂડા આશીર્વચન પાઠવ્યા.

ભુજ મંદિરથી પધારેલ અન્ય સંતો પુ. સ્વામી અક્ષરવલ્લભદાસજી, સ્વામી જગજીવન દાસજી, પુ. સ્વામી નંદકિશોરદાસજી, સ્વામી દેવપ્રકાશદાસજી, સંગીતકાર સ્વામી અક્ષરમુક્ત દાસજી, કો. સ્વામી શાન્તિસ્વરૂપદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, સ્વામી દેવજીવનદાસજી આદિ સંતો તથા ટ્રસ્ટીઓ પ.ભ. અરજણભાઈ રામજી ગાજીપરા, પ.ભ. રત્નાભાઈ દેવશી કેરાઈ, પ.ભ. શીવજીભાઈ મેઘજી વેકરીયા, પ.ભ. નવીનભાઈ રામજી પાંચાણી, પ.ભ. મુકેશભાઈ ભીમજી વેકરીયા, પ.ભ. દિલીપભાઈ લાલજી વેકરીયા તથા પ.ભ. પરબતભાઈ શીવજી કેરાઈ, પ.ભ. અરવિંદભાઈ નારણ રૂપાલીયા આદિ દાનવીરશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના વિદ્યાર્થી અનિલ રાઘવાણી તથા વિદ્યાર્થિની ક્રિષ્ના વેકરીયાએ સંભાળ્યું હતું. આભારવિધિ શાળાના આચાર્ય શ્રી જીતેન્દ્રભાઈ ખેમચંદે કરી હતી.

- અહેવાલ : દિવેશ મોઢ

## :: અક્ષરવાસ ::

શ્રીજીના લાડીલા પરમભક્ત શ્રી કાનજીભાઈ ભીમજી કરસન રાઘવાણી, મૂળ ગામ બળદિયા, ઉ.વ. ૮૯, શ્રીજી મહારાજનું સ્મરણ કરતાં અક્ષરધામ સીધાવ્યા છે. પૂર્વઆફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિર, ભુજનું બહેનોનું નવું મંદિર, મેડીકલ કેમ્પ તથા અન્ય માનવકલ્યાણ અને જીવકલ્યાણ માટે તેમણે કરેલી સેવા નોંધપાત્ર છે. સત્સંગને આવા દાનવીર સેવાભાવી હરિભક્તની ખોટ પડી છે. શ્રી સ્વામિનારાયણ ભગવાન દિવંગત આત્માને પોતાના ચરણકમળનું સુખ આપે અને પરિવારજનોને દુઃખ સહન કરવાની શક્તિ આપે એ જ શ્રીહરિને પ્રાર્થના.

## અંજાર : પંચાહ્ન પારાયણ

શ્રી સ્વામિનારાયણ મંદિરે મંડળના મહંત સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજીની આજ્ઞાથી શ્રી વાસુદેવ મહાત્મ્ય પંચાહ્ન પારાયણની કથાનું તા. ૨૫-૨-૧૧ થી તા. ૧-૩-૧૧ દરમ્યાન આયોજન થયું હતું.

વક્તાપદે કથાકાર પુ. સ્વામી બદ્રીશ્વર દાસજીએ કથાનું રસપાન કરાવ્યું હતું. કથાના યજમાન ગામ રામપરના અ.નિ. લાલજીભાઈ રામજીભાઈ કેરાઈ, હ. સુંદરબેન હરજીભાઈ ગાંગજીભાઈ વેકરીયા, સુત મહેશભાઈ આદિ સહપરિવારે સંત, હરિભક્તોની પ્રસન્નતા તથા અ.નિ. પરિવારજનોના મોક્ષાર્થે આ કથાનું આયોજન કરેલ અને ઉદારતાથી પ્રસંગ ઉજવ્યો.

પૂર્ણાહુતિ પ્રસંગે કોઠારી શા. સ્વામી નારાયણમુનિદાસજીએ શ્રી વાસુદેવ મહાત્મ્ય કથાનો સાર સમજાવેલ. વિશેષમાં તેઓશ્રીએ જણાવ્યું કે આગામી તા. ૪-૪-૧૧ થી ૮-૪-૧૧ દરમ્યાન અંજાર મધ્યે બિરાજમાન સર્વાવતારી પ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજના શુભ સાંનિધ્યમાં અ.નિ. બ્રહ્મનિષ્ઠ સ.ગુ. સ્વામી ધર્મકિશોરદાસજી તથા અ.નિ. બ્રહ્મનિષ્ઠા સ.ગુ. સ્વામી શા. શ્રીરંગદાસજી તથા અ.નિ. સ.ગુ. વિદ્વદવર્ય તપોનિષ્ઠ પુ. સ્વામી પતિતપાવનદાસજીના સ્મરણાર્થે સંગીત સાથે પારાયણ કથા તથા પૂર્ણાહુતિએ પાટોત્સવ છે. તો આ માટે સર્વે હરિભક્તોને ભાવભર્યું આમંત્રણ છે. સ.ગુ. શા. સ્વામી વિશ્વપ્રકાશદાસજી, સ.ગુ.પુ. સ્વામી કૃષ્ણપ્રિયદાસજીએ સભામાં પ્રવચનો કર્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા કોઠારી સ્વામી પ્રેમજીભાઈ હીરાણી, ટ્રસ્ટીમંડળના સદસ્યો તથા હરિભક્તો જોડાયેલ તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા આસપાસના ગામોના હરિભક્તો પોતાનો અનમોલ કિંમતી સમય આપીને જોડાયા હતા. હરિભક્તોની ભારે ભીડ જામી હતી.

- અહેવાલ : ઠક્કર મેહુલકુમાર પી.

## છપૈયાધામે વ્રત ઉધાપન કથા

ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્ય સ્થાન શ્રી છપૈયાધામ મધ્યે ગામ કેરાના અ.નિ. માતુશ્રી જશુબાઈ રત્ના કેશરા કેરાઈ તથા અ.નિ. દેવજી રત્ના કેરાઈના આત્યાંતિક મોક્ષાર્થે શ્રી ઘનશ્યામ મહારાજના બાલચરિત્રથી ભરપુર શ્રી ઘનશ્યામલીલામૃત સાગરની ત્રિદિનાત્મક કથા પારાયણ રાખવામાં આવેલ. તે પ્રસંગ સાથે ગામ કેરાના સાં.યો. જશુબેન ગોવિંદ પાંચાણી ચાતુર્માસથી પ્રારંભી આજદિન પર્યંત ધારણા પારણાના રૂપમાં શત ઉપવાસ વ્રત (૧૦૦) ઉપવાસના ઉદ્યાપન સાથે મહાપૂજા સાથે ઠાકોરજીને મહાપ્રસાદ જમાડી મહાવદ ૫ ના પારણાં કરી વ્રતનું ઉદ્યાપન કર્યું. તે પ્રસંગે ભુજ ઠાકોરજીને થાળ અર્પણ કરીને ભોજનરૂપ પ્રસાદ સ્વીકાર્યો અને નરનારાયણદેવ તથા બાલ ઘનશ્યામ મહારાજની પ્રસન્નતા મેળવી હતી.

આ ઉદ્યાપન પ્રસંગે પરાયણના વક્તાપદે ભુજના પુ. સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી રહ્યા હતા. પુરાણી સ્વામી પ્રભુસ્વરૂપદાસજીએ મહત્ત્વ સાથે લીલા વર્ણવી હતી. પુરાણી સ્વામી અક્ષરવલ્લભ દાસજીએ છપૈયા પ્રસાદી સ્થળનું મહત્ત્વ સમજાવ્યું હતું. શા. સ્વામી લક્ષ્મણજીવનદાસજીએ આશીર્વચન પાઠવ્યા હતા. જ્યારે છપૈયા મંદિરના પુજારી પવિત્રનંદ બ્રહ્મચારી સ્વામીએ સભા સંચાલન સાથે સ્થાન મહિમા સમજાવ્યો હતો.

જન્મસ્થાનનો પ્રથમ વખત મહિમા સાંભળીને યજમાન પરિવાર શ્રી રત્નાભાઈ, પ્રેમજીભાઈ, ગોવિંદભાઈ, જાદવજીભાઈ, અરવિંદભાઈ વગેરે પરિવાર ખુશ થયો હતો અને બહેનો ભક્તોને સાં.યો. નાનબાઈ તથા સામબાઈ એ યાત્રા સ્થળ ઉપર જ મહિમા સમજાવી ખુશ કર્યા હતા.

- અહેવાલ : દેવશી રત્ના (બાબુ) કેરાઈ

## કન્યા વિદ્યા મંદિર : શૈક્ષણિક

ભુજ મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી તા. ૨૦-૨-૧૧ શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યા મંદિરની ૫૦ વિદ્યાર્થિનીઓ અને શાળાના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રીમતિ સવિતાબેન વેકરીયા તથા અધ્યાપક ગણ એમ કુલ્લ ચાર જણ સાથેની આ પ્રવાસ ટીમે સૌ પ્રથમ વેલસ્પન કંપની અંજાર તરફ પ્રયાણ કર્યું હતું. જ્યાં કઈ રીતે કાપડ બનાવવામાં આવે છે તેની અમને ઝીણવટથી માહિતી આપી હતી. ત્યારબાદ અંજાર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ગયા હતા. ત્યારબાદ ત્યાંથી દર્શન કરીને ૩:૦૦ વાગ્યે વિદાય લઈ ભુજોડી હીરાલક્ષ્મી પાર્ક ગયા. ત્યાં કચ્છી હસ્તકલાઓ, ત્યાંની કોતરણી અને રાજાશાહી બાંધકામ જોઈને પ્રભાવિત થયા. ત્યાંથી અમે ૫:૩૦ કલાકે ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર જઈ દર્શન કરી, મોડી સાંજે શાળાએ પરત ફર્યા.

## માંડવી : વાર્ષિક પાટોત્સવ

આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે તથા વ્યાસ લક્ષ્મીરામભાઈએ પધરાવેલા શ્રી વૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજનો ૧૫૨ મો વાર્ષિક પાટોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવાયો. પંચામૃતથી અભિષેકનો અલૌકિક દિવ્ય દર્શનનો લાભ અનેક ભક્તોએ લીધો તથા પ્રસાદ પણ લીધો. ત્યારપછી અન્નકૂટના દર્શન ૧૨ વાગ્યા સુધી અનેક ભક્તોએ કરીને ધન્યતા અનુભવી હતી.

યજમાનપદે નાગલપરના પ.ભ. શિવજીભાઈ કાનજી કારા, ધ.પ. ધનબાઈ તથા પુત્ર કુંવરજીભાઈ હીરજીભાઈ અને નાનજીભાઈ પરિવાર શ્રી વૃંદાવનવિહારી મહારાજના રહ્યા હતા.

શ્રી ઘનશ્યામ મહારાજના યજમાનપદે ગામ વેકરાના સાં.યો. રતનબાઈ કરસન વરસાણી, હ. મુરજીભાઈ કરસન ભુડિયા રહ્યા હતા.

માંડવી મંદિરના મહંત સ્વામી નિરન્નમુક્ત દાસજી તથા સ.ગુ. સ્વામી ઉત્તમપ્રિયદાસજી તથા પુ. સ્વામી સ્વયંપ્રકાશદાસજી તથા પુ. સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી આદિ મંડળના સંતો દ્વારા આવા ઉત્સવો થતા રહે છે.

- અહેવાલ : કો. સ્વામી હરિમુકુંદદાસજી

## અંજાર : પંચાહ્ન પારાયણ

અંજાર શ્રી સ્વામિનારાયણ મંદિરે મંડળના મહંત સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજીની આજ્ઞાથી શ્રીમદ્ નિષ્કુળાનંદકાવ્ય (વચનવિધિ) પંચાહ્ન પારાયણની કથાનું તા. ૧૧-૩-૧૧ થી તા. ૧૫-૩-૧૧ દરમ્યાન આયોજન થયું હતું.

વકતાપદે કથાકાર પુ. સ્વામી બદ્રીશ્વરદાસજીએ કથાનું રસપાન કરાવ્યું હતું. કથાના યજમાન ગામ સુખપરના સાં.યો. રાધાબાઈ પ્રેમજીભાઈ ખેતાણી તથા તેમના સહોદર રામજીભાઈ પ્રેમજીભાઈ ખેતાણી તથા ભત્રીજા હરજીભાઈ તથા રવજીભાઈ તથા મનજીભાઈ આદિ સહપરિવારે સંત, હરિભક્તોની પ્રસન્નતાર્થે તથા અ.નિ. પરિવારજનોના મોક્ષાર્થે આ કથાનું આયોજન કરેલ અને ઉદારતાથી પ્રસંગ ઉજવ્યો.

પૂર્ણાહુતિ પ્રસંગે કોઠારી સ્વામી શાસ્ત્રી નારાયણમુનિદાસજીએ ધીરજાખ્યાન વિશે જણાવેલ કે બીજાના દોષ ન જોવા પરંતુ પોતાના દોષ જોવા તથા શ્રી નરનારાયણદેવ ભુજમાં હંમેશા નિષ્ઠા રાખવી. સ.ગુ. શા. સ્વામી વિશ્વપ્રકાશદાસજી, સ.ગુ.પુ. સ્વામી કૃષ્ણપ્રિયદાસજીએ સભામાં પ્રવચનો કર્યા હતા. સભા આયોજન તથા સંચાલન કો. શા. સ્વામી નારાયણમુનિ દાસજીએ શોભાવ્યું હતું.

કાર્યક્રમને સફળ બનાવવા કોઠારી પ્રેમજીભાઈ હીરાણી, ટ્રસ્ટીમંડળના સદસ્યો-હરિભક્તો તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સભ્યો જોડાયા હતા.

- અહેવાલ : ઠક્કર મેહુલકુમાર પી.

## હીરાપર : સત્સંગ જ્ઞાન શિબિર

શ્રી સ્વામિનારાયણ મંદિર, હીરાપર મધ્યે શ્રી ઘનશ્યામ બાલિકા મંડળની સત્સંગ જ્ઞાન શિબિર યોજવામાં આવી. તા. ૨૭-૨-૨૦૧૧, રવિવારે સ.ગુ.પુ. મહંતસ્વામીની આજ્ઞા, વડીલ સંતોની પ્રેરણાથી શિબિરનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે શ્રી ઘનશ્યામ બાલિકા મંડળ, ચંદ્રનગર (ખોખરા)ની બાલિકાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

વિવિધ કાર્યક્રમની તૈયારી કરી વિશેષ આયોજન કરાયું. જેમાં વચનામૃત, શિક્ષાપત્રી, પ્રશ્નોત્તરી, અંતાક્ષરી, કીર્તન સ્પર્ધા, ઉખાણાં, પ્રશ્નપેપર વગેરે સ્પર્ધા રાખીને બાલિકાઓને ઉત્સાહ સાથે સત્સંગ, જ્ઞાન-ગમ્મત અનુલક્ષી આયોજન કરાયું. પ્રસંગને દીપાવવા સાં.યો. બહેનો ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. સમગ્ર શિબિરનું આયોજન શ્રી મહિલા મંડળ કર્મયોગી બહેનો રહ્યાં હતાં.


બાલિકાઓને પ્રોત્સાહનરૂપે ભેટ, સોદાગો આપવામાં આવ્યા હતા. આ અવસરે પ્રસાદના યજમાનપદે શ્રી સામતભાઈ વાસણભાઈ માતા રહ્યા હતા. સમગ્ર શિબિરનું સંચાલન શ્રી કાનજીભાઈ સુથારે કર્યું હતું. શ્રી ઘનશ્યામ યુવક મંડળનો સહકાર તેમજ સર્વ સત્સંગ સમાજનો અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરેલ. અ. : માતા સુનિલ પી.

## માનકુવા : મહિલા શિબિર


સાં.યો. મહંત ફઈની આજ્ઞાથી માનકુવા ગામમાં તા. ૧૫-૩ ના એક દિવસની મહિલા શિબિર રાખવામાં આવી હતી. તેમાં વૃધ્ધમંડળ, મહિલા મંડળ અને યુવતીમંડળ, બાલમંડળની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં જે બહેનો શ્લોકો, ગરબો જેનો શીખાઈ ગયો હતો તેને દબાસીયા પરિવાર તરફથી શ્રી સ્વામિનારાયણ સંહિતાનું પુસ્તક ભેટ આપવામાં આવ્યું હતું.

અમારા ગામમાં દર ગુરુવારનું મંડળ બરાબર ચાલે છે. સાં.યો. બહેનો અમારા જીવ ઉપર બહુ જ દયા કરે છે. લગભગ અમારા ગામના મંડળમાં ૨૫૦ જેટલા બહેનો સત્સંગ કરે છે. ખરેખર મહંતસ્વામીએ બહુ દયા કરી છે.

અહે. : જોધાણી રમીલા દેવજી (ભક્તિનગર)



# વિદેશ સમાચાર



## ઓલ્ડહામ : સપ્તાહ પારાયણ

શ્રી સ્વામિનારાયણ મંદિર ઓલ્ડહામ મધ્યે ગામ કેરાના પ.ભ. હિતેશભાઈ પરબત ભુડિયા સહપરિવાર તરફથી શ્રીમદ્ વાસુદેવા મહાત્મ્ય સપ્તાહ પારાયણ રાખવામાં આવેલ હતી.

તા. ૨૧-૨-૨૦૧૧ થી તા. ૨૭-૨-૨૦૧૧ સુધી પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. પારાયણના વક્તાપદે શા. સ્વામી પરમહંસદાસજી અને પુ. સ્વામી સંતસ્વરૂપદાસજીએ તેમની સરળ ભાષામાં કથાનું રસપાન કરાવ્યું હતું.

તા. ૨૫-૨-૨૦૧૧, શુક્રવારના સાંજે કથા બાદ શાકોત્સવનો કાર્યક્રમ રાખેલ હતો. તા. ૨૬-૨-૨૦૧૧, શનિવારે યજમાન તરફથી ઠાકરથાળી ઉત્સવ રાખવામાં આવ્યો હતો. સર્વે હરિભક્તો સાથે મળીને રાસોત્સવ પણ કરેલ અને સર્વેને ઘણો જ આનંદ આવેલ.

તા. ૨૭-૨-૨૦૧૧, રવિવારે પૂર્ણાહુતિના દિવસે કથા બાદ સહુ સાથે મળીને પ્રસાદરૂપ ભોજન લીધેલ હતું.

આ પ્રસંગ નિમિત્તે ભુજ પ્રસાદી મંદિર, ભુજ નૂતન મંદિર, માંડવી અને અંજાર મંદિરમાં ઠાકોરજીના થાળ અને રસોઈ યજમાનશ્રી તરફથી આપવામાં આવેલ.

- અહેવાલ : નારણ દેવરાજ કારા (સહમંત્રી)

## :: શતાબ્દી પાટોત્સવ ::

શ્રી રાધાકૃષ્ણદેવનો શતાબ્દી મહોત્સવ ધામધૂમથી ભુજ મધ્યે ઉજવવામાં આવશે. આ શતવાર્ષિક પાટોત્સવ અંતર્ગત સાત દિવસીય કથાનો પ્રારંભ સંવત્ ૨૦૬૭, ચૈત્ર સુદ ૧૫, સોમવાર, તા. ૧૮-૪-૨૦૧૧ થી થશે અને કથા સમાપ્તિ સંવત્ ૨૦૬૭, ચૈત્ર વદ ૭, રવિવાર, તા. ૨૪-૪-૨૦૧૧ ના થશે. આ મહોત્સવ દેશ-વિદેશના સર્વે હરિભક્તોએ સાથે મળીને હર્ષોલ્લાસથી ઉજવવાનો છે. વિદેશમાં વસતા હરિભક્તો ઉત્સવમાં પધારવાની વ્યવસ્થા સુગમતાથી કરી શકે તે હેતુથી અત્યારથી જ આમંત્રણ પાઠવી દેવામાં આવે છે. સો વર્ષના ઉત્સવનો આનંદ સૌ સાથે મળીને માણીએ અને શ્રીજી મહારાજની પ્રસન્નતાર્થે યથાશક્તિ તન-મન-ધનથી લગનપૂર્વક સેવા કરી પુણ્યનું ભાથું બાંધી ભવસાગર પાર કરીએ. આવા અણમોલ અવસરે સપરિવાર પધારવા સર્વે હરિભક્તોને હાર્દિક આમંત્રણ પાઠવતાં હર્ષ અનુભવીએ છીએ.

લી. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના શુભ આશીર્વાદ સહ જય શ્રી સ્વામિનારાયણ

## શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભુવન - ભુજ ધો. ૮ ના પ્રવેશ અંગેની સૂચનાઓ

જય શ્રી સ્વામિનારાયણ સાથે જણાવવાનું કે આગામી જૂન-૧૧થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષ માટે માત્ર ધો. ૮ માટેની પ્રવેશ અંગેની સૂચના નીચે મુજબ છે.

(૧) પ્રવેશ ફક્ત ધો. ૮ માટે માત્ર બહારગામના વિદ્યાર્થીઓ માટે રહેશે.

(૨) ધો. ૮ ની પ્રવેશપરીક્ષા તા. ૮-૫-૨૦૧૧, રવિવારના સવારના ૯ઃ૩૦ કલાકે રહેશે.

(૩) વિદ્યાર્થીઓએ સવારના ૯ઃ૦૦ કલાકે શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભુવનમાં પરીક્ષા માટે હાજર રહેવું. ઓઠા માટે પાટીયું તથા બોલપેન સાથે લાવવા.ધો. ૭ ની માર્કશીટની ઝેરોક્ષ નકલ લાવવી.

(૪) લેખિત પરીક્ષા ૫૦ ગુણની લેવાશે. જેમાં ગણિત, વિજ્ઞાન, ગુજરાતી, અંગ્રેજી સામાન્યજ્ઞાનના પ્રશ્નો રહેશે.

(૫) પ્રવેશ પરીક્ષાનું પરિણામ તા. ૯-૫-૧૧, સોમવારના સવારના ૯ઃ૦૦ કલાકે જાહેર કરવામાં આવશે. સંખ્યા મર્યાદિત રાખવાની હોઈ મેરીટ ક્રમ પ્રમાણે પ્રવેશ આપવામાં આવશે.

(૬) જે વિદ્યાર્થીને પ્રવેશ મળેલ હશે તેમનું નામ પ્રવેશયાદીમાં લખેલું હશે તેમણે ૨ દિવસમાં ફી ભરી જવાની રહેશે. લીવીંગ સર્ટીફિકેટ (LC) અસલ પ્રમાણપત્રો, માર્કશીટની ઝેરોક્ષ નકલ તથા તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો લાવવાનો રહેશે.   પ્રમુખ - મંત્રી - સંચાલક

(નંબર :- ૨૨૦૩૩૨)

શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવન-ભુજ-કચ્છ.

## ગ્રાહકો અને વાચકોને સૂચના

આપ ધર્મસંદેશ કાર્યાલયને કોઈ પણ માહિતી જણાવવા ઈચ્છતા હો તો નીચેના ઈમેઈલ દ્વારા જણાવી શકો છો.

E-mail :- Sandesh@bhujmandir.org


૫૦૦/- અ.નિ. ધનબાઈ શીવજી વેકરીયા-કેરા હાલે બોલ્ટન તેમના મોક્ષાર્થે ભેટ હ. પરબતભાઈ
૩૦૧/-/- અ.નિ. કંકુબેન વેલજી કાનજી નીસર - ભચાઉ-નવાગામ, અ.નિ. કંકુબેનના મોક્ષાર્થે
૧૦૧/- વાલજી મનજી વેકરીયા-સુરજપર ૫૦ મી વર્ષગાંઠ નિમિત્તે ભેટ હ. મનજી કાનજી વેકરીયા
૧૦૦/- કરસન કાનજી પટેલ (પિંડોરીયા)-ગોધરા માંડવી નવું ટ્રેક્ટર ખરીદ્યું તે નિમિત્તે ભેટ.
૧૦૦/- શાંતિલાલ રવજી મેઘજી હાલાઈ-ગોધરા માંડવી નવું ટ્રેક્ટર ખરીદ્યું તે નિમિત્તે ભેટ.
૧૦૧/- પ્રિયેન પ્રેમજી શીવજી ગોંડલીયા (ગોપી કાં.)-કોડકી હાલે નૈરોબી શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ.
૫૦૧/- મહેન્દ્ર જાદવજી રત્ના ભુડિયા-માધાપર જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ કૃપાર્થે ભેટ.
૧૦૧/- ભાવેશ કનૈયાલાલ ચૌહાણ-ભુજ ચિ. ભાવેશને ત્યાં પુત્ર જન્મ ઓસ્ટ્રેલિયા મુકામે થતાં ખુશાલી ભેટ.
૫૦૧/- રાજન હરિરામભાઈ ચૌહાણ-કુંભારીયા હાલે પુના માતુશ્રી પ્રેમીલાબેન અક્ષરવાસી થતા તેમના મોક્ષાર્થે ભેટ.
૧૦૦૧/- નિલેશભાઈ લક્ષ્મણ હીરાણી-ભક્તિનગર હાલે શીસલ્સ પુત્ર ચિ. સ્નેહીલના જન્મપ્રસંગે ભેટ.
૨૫૧/- નારાણભાઈ ધનજી મજેવડીયા-વડોદરા હાલે લંડન શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ.
૨૫૧/- પ્રશાંતભાઈ ચંદુભાઈ સોની-વડોદરા હાલે લંડન શ્રીહરિકૃપાર્થે ભેટ.
૨૫૧/- નાનજીભાઈ જીવનભાઈ મજેવડીયા-વડોદરા હાલે લંડન શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ.
૨૫૦/- જીવીબાઈ લાલજી વેકરીયા પરિવાર-માધાપર પંચાહ્ન પારાયણ નિમિત્તે ભેટ.
૫૦૧/- ધનજી કરસન વરસાણી-સુખપર સુપુત્ર અ.નિ. રામજી ધનજીના મોક્ષાર્થે કથાપારાયણ નિમિત્તે ભેટ.
૧૫૧/- વાલજી વીરજી ભુડિયા-સુરજપર શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ.
૫૧/- મહેશભાઈ રણછોડદાસ સોની-ભુજ દોહિત્ર ચિ. દેવના જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૫૧/- વસંતરાય વિજયાશંકર મહેતા-નખત્રાણા પૌત્રી હેતવીના જન્મદિવસ નિમિત્તે ભેટ. હ. વીણાબેન
૨૫૦/- કુંવરજી રામજી કેરાઈ, ધ.પ. લાલબાઈ-માધાપર, માધાપર મંદિરે પંચાહ્ન પારાયણ નિમિત્તે ભેટ.
૧૦૧/- રસીલા પ્રેમજી શીવજી ગોંડરીયા (ગોપી કાં.)-નૈરોબી હાલે ઓસ્ટ્રેલિયા શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ.
૧૫૧/- અ.નિ. જશુબેન રત્ના કેરાઈ તથા સાં.યો. જશુબેન ગોવિંદ પાંચાણી-કેરા છપૈયા પારાયણ નિમિત્તે ભેટ.
૧૧૧/- શિવજી ધનજી પિંડોરીયા (માસ્તર) - માધાપર જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૧૦/- જગદિશ માવજી હીરાણી-માનકુવા નવી મોટરસાઈકલની ખરીદી પ્રસંગે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ.
૩૫૦/- કુ. જાનકી અને મિલન વિજય માધાપરીયા, વિરેન ધર્મેન્દ્ર પાંચાણી મોમ્બાસા હાલે લંડન શ્રીહરિપ્રસન્નતાર્થે ભેટ.
૫૧/- દિપકભાઈ હરિલાલ પરમાર-માળીયા (મીયાણા) તેમના ઘરે પુત્રી રત્નના જન્મ નિમિત્તે ખુશાલી ભેટ.
૧૦૧/- શિવજી ભચુ ગામી-કેરા હાલે લંડન શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ.
૨૫૦/- રિષિકા ધીરજભાઈ કેરાઈ-કેરા શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ.
૧૫૧/- દિવ્ય અરવિંદભાઈ હીરજી વરસાણી-કેરા જન્મદિવસ નિમિત્તે ખુશાલી ભેટ.
૧૫૧/- બ્રિજેશ પ્રકાશભાઈ હીરાણી-બળદિયા (ઉ.વા.) જન્મદિવસ નિમિત્તે ભેટ.
૫૦૧/- અ.નિ. અરજણભાઈ રામજી હીરાણી હ. સાં.યો. મહંત સામબાઈ-મીરજાપર કથા પારાયણ નિમિત્તે ભેટ.
૨૦૧/- કલ્પેશભાઈ જનકરાય ભટ્ટ સુપુત્ર ચિ. કુણાલના યજ્ઞોપવિત નિમિત્તે શ્રીહરિપ્રસન્નતાર્થે ભેટ.


૧


૨


૩


૪


૫


૬


૭


૮


૯

**(૧-૪)** નારણપર ગુરુકુલ ઘનશ્યામ એકેડેમીમાં વાર્ષિકોત્સવ પ્રસંગે દીપપ્રાગટ્ય કરતા સંતો સાથે ટ્રસ્ટીગણ તથા સ્પીચ આપતા અનિલ અને કૃષ્ણા. સાંસ્કૃતિક કાર્યક્રમમાં નૃત પ્રદશિત કરતા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ. **(૫)** રાપર ગુરુકુલમાં રસોઈ માટે અર્પણ જીરૂનો ધર્માદો. **(૬-૭)** શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર નાઈરોબીમાં શ્રી નરનારાયણદેવ જયંતિ ફુલડોલોત્સવ તથા આરતી. **(૮)** શ્રી સંસ્કૃત પાઠશાળા સુખપરમાં વિદ્યાલય ભવનનું ભૂમીપૂજન. **(૯)** હીરાપર મધ્યે યોજાયેલ શ્રી ઘનશ્યામ બાલીકા શિબિર.

RNI NO. GUJGUJ/2001/5643
WPP Lic No. G-PMG-RJT/011(Foreign)/2007-09




Regd. No. GKCH-158/2009-2011
WPP Lic No. G-PMG-RJT/011/2007-09

























(૧) શ્રી ક.સ. સ્વામિનારાયણ મંદિર ઈસ્ટ લંડન દ્વારા ચંદ્રનગર શાળાના બાળકોને સ્કૂલ બેગનું વિતરણ. (૨) મૂક્તિધામની પદયાત્રાએ જતા સંતોને વિદાય આપતા પ.પૂ. મહંત સ્વામી આદિ સંતો. (૩-૪) સ્વામિનારાયણ મહામંત્રલેખનની નોટબુકો ભુજ મંદિરે ભંડારમાં સંગ્રહિત કરવામાં આવી. તે પ્રસંગે પ.પૂ. મહંત સ્વામી આદિ સંતોએ નોટ બુકોનું પૂજન કર્યું. (૫-૮) ભુજ સહજાનંદ બાગ લેરવાડીમાં ગૌશાળાનું ઉદ્‌ઘાટનઃ યજમાનશ્રીને પહેરામણી, ગૌમાતાનું પૂજન-પ્રસાદ, હરિભક્ત સમુદાય. (૯) ભુજ પ્રસાદીના મંદિરના શિખર ઉપરની પદ્મશીલાનું પૂજન કરતા સંતો.